


# શ્રી લોહાણા મહાપરિષદની કારોબારીની સભા તેમજ રાષ્ટ્રીય કક્ષાની ટેબલટેનિસ સ્પર્ધા અને રાષ્ટ્રીય યુવા સંમેલન તા. ૨૯/૩૦ જાન્યુ., ૨૦૧૧નાં રોજ બે દિવસ માટે નાગપુર ખાતે યોજાયા તેનો અહેવાલ

શ્રી લોહાણા મહાપરિષદની કારોબારીની બેઠક તા. ૨૯/૩૦ જાન્યુઆરી, ૨૦૧૧નાં રોજ બે દિવસ માટે નાગપુર મધ્યે મહારાષ્ટ્ર

ખાતે **શ્રી નાગપુર લોહાણા મહાજન** અને **શ્રી રઘુવંશી યુવક મંડળ,** નાગપુરના યજમાનપદે ખૂબ સરસ રીતે યોજાઈ ગઈ.




'અતિથિ દેવો ભવ'ની ભારતીય સંસ્કૃતિ અને સભ્યતા સમગ્ર વિશ્વમાં જાણીતી છે. શ્રી નાગપુર લોહાણા મહાજન દ્વારા સમગ્ર વિશ્વમાંથી પધારેલ મહાપરિષદનાં પદાધિકારીઓ, હોદ્દેદારો, કારોબારી સભ્યો અને આમંત્રિત જ્ઞાતિ શ્રેષ્ઠીઓ, જ્ઞાતિ અગ્રણીઓને સત્કારી તેઓની સાથે પરિચય કેળવ્યા બાદ દરેક મહાનુભાવોને સુરુચિપૂર્ણ મનભાવન ભોજનનો રસાસ્વાદ માણવામાં ક્યાંય કચાશ રાખ્યા વગર મહેમાનોને પ્રેમપૂર્વક જમાડ્યા.

પ્રથમ ચરણમાં તા. ૨૯ના બપોરે ૧.૩૦ વાગે **શ્રી નાગપુર લોહાણા મહાજનના કારોબારી સદસ્યોની એક સંગોષ્ઠિ સભા** મહાપરિષદના પદાધિકારીઓ અને સંપૂર્ણ જ્ઞાતિસદસ્યોની સાથે શ્રી ભરતભાઈ ઠક્કરની અધ્યક્ષતામાં યોજાયેલ. જેમાં સમાજની પ્રગતિને અવરોધતા કુરિવાજો, લગ્નપ્રથા અને સમાજમાં રૂઢિગત વિચારોને તિલાંજલી અને સુધારાવાદી વિચારધારા દ્વારા સમાજને પરિવર્તિત અને પ્રગતિશીલ કરવા માટેના વિચારોની આપ લે ચર્ચાસભામાં જુદા જુદા વક્તાઓ દ્વારા ચર્ચવામાં આવી હતી. સમય મર્યાદાને અનુલક્ષીને બીજી બાજુ **શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા આયોજીત ટેબલ ટેનિસની રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા** રમતગમત સમિતિનાં અધ્યક્ષ શ્રી પિયુષભાઈ મજીઠીયાનાં નીરીક્ષણ હેઠળ લોહાણા મહાજન વાડી, નાગપુર ખાતે શરૂ કરવામાં આવેલ.

પ્રથમ દિવસના પ્રથમ સત્રની ચર્ચાસભામાં સ્થાનિક યજમાન મહાજન વતી શ્રી હરીશભાઈ સૂચકે કાર્યક્રમના સંચાલનનો દોર સંભાળેલ. કાર્યક્રમની શરૂઆતમાં વિશ્વનાં ખૂણેખૂણાથી પધારેલ મહેમાનો, મહાનુભાવોને રસસભર શબ્દોથી આવકારેલ.




શ્રી લોહાણા મહાપરિષદનાં યુવા પ્રમુખ શ્રી યોગેશભાઈ એસ. લાખાણી, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી પરેશભાઈ પી. ભુપતાણી, પૂર્વ પ્રમુખ શ્રી રવિન્દ્રભાઈ વાઘાણી, મંત્રીઓ શ્રી નેણશીભાઈ મીરાણી તથા શ્રી જીતેન્દ્રભાઈ ઠક્કર, નૈરોબી સ્થિત શ્રી અરુણભાઈ સામાણી, લંડન (યુકે)નાં મહિલા પ્રમુખ શ્રીમતી પન્નાબેન રાજા, શ્રી લોહાણા મહાપરિષદનાં વિદર્ભ સહ મધ્યભારતનાં વિભાગીય ઉપપ્રમુખ શ્રી પ્રમોદભાઈ પટેલિયા, યુવા સમિતિનાં અધ્યક્ષ શ્રી અજયભાઈ વડેરા, યજમાન સંસ્થા નાગપુર લોહાણા મહાજનનાં પ્રમુખ શ્રી ભરતભાઈ ઠક્કર તથા શ્રી રઘુવંશી યુવક મંડળ, નાગપુરનાં નવયુવાન પ્રમુખ શ્રી રાજેષભાઈ પોંદાએ મંચસ્થ મહાનુભાવો તરીકે સ્ટેજને શોભાવેલ.

પ્રભુ પ્રાર્થના બાદ શ્રી લોહાણા મહાજન, નાગપુરનાં પ્રમુખ **શ્રી ભરતભાઈ ઠક્કરે** સભામાં સર્વ મહાનુભાવોનું સ્વાગત કરી સભાની શરૂઆત કરવાની ઘોષણા કરેલ. સર્વ પ્રથમ માતૃસંસ્થાના પ્રમુખ **શ્રી યોગેશભાઈ લાખાણી**નું સ્નેહપત્ર આપીને સમ્માન કરેલ. સ્નેહપત્રનું વાંચન ઉપપ્રમુખ **શ્રી ભાવિકભાઈ ઠક્કરે** કરેલ.



શ્રી નાગપુર લોહાણા મહાજન દ્વારા તૈયાર થયેલ માહિતીસભર "સોવેનિયર"ની વિમોચન વેળાએ

ત્યારબાદ સમગ્ર વિશ્વની સંસ્થા શ્રી લોહાણા મહાપરિષદની કારોબારીની સભા નાગપુર ખાતે આ યોજાઈ તેનો સચિત્ર અહેવાલ દર્શાવતી ઓરેન્જ સીટી નાગપુર દ્વારા લોહાણા જ્ઞાતિની ઐતિહાસિક ઘટનાઓ, નાગપુરના સમાજ શ્રેષ્ઠીઓ તથા લોહાણા મહાજનના પદાધિકારીઓની વિગત દર્શાવતું માહિતીસભર કલરફુલ 'સોવેનિયર'નું વિમોચન મંચસ્થ મહાનુભાવોના વરદ્હસ્તે કરવામાં આવેલ. મહાજન પ્રમુખ શ્રી ભરતભાઈ દ્વારા ચર્ચા સભાને ખુલ્લુ મૂકવા માટે તથા ચર્ચાસભાના નિર્ણાયક તરીકે **ડો. જયંતિભાઈ ચોટાઈ (ગુજરાતી સમાજ - પ્રમુખ)**ની વરણી કરેલ. ડૉ. જયંતિભાઈ ચોટાઈએ પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં નાગપુરની ભૌગોલિક સ્થિતિ તથા રઘુવંશી પરિવારોની વિગતમાં જણાવેલ કે ૧ લાખ થી ૧.૫ લાખની વસ્તી અહીંયા નાગપુર અને તેની આજુબાજુના ગામડાંઓ, શહેરોમાં વસે છે. ૬૦ % ગામડામાં અને ૪૦ % શહેરોમાં વસે છે. ત્યારે માતૃભાષા ગુજરાતી આપણી જ્ઞાતિમાંથી લુપ્ત થતી જાય છે તો આપણી ભાષા આવનારા સમયમાં લુપ્ત ના થાય તે માટેની સતર્કતા જરૂરી છે. બીજો મુદ્દો ઉઠાવતાં તેમણે જણાવ્યું કે જ્ઞાતિમાં સગપણ વિચ્છેદ વધુ પ્રમાણમાં થઈ રહ્યાં છે તે અંગે સભાનપણે જાગૃત થવાની જરૂર છે. ત્રીજા મુદ્દા અંગે રઘુવંશી સમાજમાં વકરી રહેલા શારીરીક રોગ થેલેસિમિયા મેજરના નિરાકરણ અંગે આપના સૌના પ્રતિભાવો શું ?

આમ પ્રશ્નાર્થ ચિન્હ કરી સમાજને વિચારતો કરી મૂકેલ અને ચર્ચાસભાને ખુલ્લી મૂકેલ.

થેલેસિમીયા પર અંકુશ લગાવવાના હેતુથી ડૉ. શ્રી જ્યંતિભાઈ ચોટાઈએ પોતાના વિચાર વ્યક્ત કરતા કહેલ કે, લગ્ન પહેલા જેમ કુંડલી મેળવીએ છીએ એજ રીતે બન્ને પાત્રોના થેલેસિમીયા ટેસ્ટ કરવા જોઈએ અને બન્ને પાત્રો થેલેસિમીયા માઈનોર છે તો તેમના સંતાનોમાં થેલેસિમીયા મેજર હોવાની પૂરેપૂરી શકયતાઓ રહેલી હોય છે. આ બિમારીના ગંભીર પરિણામથી તેઓએ ઉપસ્થિત જ્ઞાતિજનોને જાણકારી આપેલ. **ડો. શ્રી રસિકભાઈ કારીયા**એ સુચવ્યું કે લગ્ન ઉત્સુક પોતાના દિકરા કે દિકરીના બાયોડેટામાં થેલેસિમીયા ટેસ્ટ રિર્પોટની કલમ અનિવાર્ય કરવી જોઈએ.

માતૃભાષા ગુજરાતીના મહત્વને હંમેશા જીવંત રાખવા માટેના વિષય પર **શ્રી મહેન્દ્રભાઈ સૌજીયાણી (નાગપુર)** એ કહ્યું કે, જરૂરિયાત પ્રમાણે અંગ્રેજીમાં અભ્યાસ કરતી વખતે પણ માતૃભાષાનું મહત્વ જાળવી રાખવું જોઈએ. એમણે અંગ્રેજી ભાષાને પત્નીનું અને ગુજરાતી ભાષાને માતાનું સ્થાન આપવાની રજૂઆત કરેલ. પ્રિન્સીપાલ **શ્રીમતી વર્ષાબેન રાજેશભાઈ ખખ્ખર (નાગપુર)** એ પણ પોતાના વિચારો ઘણા સુંદર રીતે મુકેલ અને ગુજરાતી ભાષાને જીવંત રાખવાના ઉદ્દેશથી નિઃશુલ્ક ચાલી રહેલ પાઠ્યક્રમમાં બાળકો દ્વારા ખાસ પ્રતિસાદ ન મળવાથી ચિંતા વ્યક્ત કરેલ. તેમણે પોતાના વકતવ્યમાં ઉમાશંકર જોષીની કવિતાની પંક્તિ ટાંકીને ગુજરાતી ભાષાની સૌમ્યતા, મધુરતા, અંતરમનથી નીકળેલી મીઠાશ, તથા ભાષા પરત્વેની પોતાની અભિવ્યક્તિ રજૂ કરેલ. વિશેષમાં તેઓએ જણાવેલ કે અંગ્રેજોની ચુંગાલમાંથી સ્વતંત્રતા તો મેળવી પણ તેમની અંગ્રેજી ભાષા થી આપણે સ્વતંત્ર થઈ ના શકયા. આજે આપણે જન્મ આપનાર જન્મદાત્રી બા, બા પછી માં, મોમ અને છેલ્લે મમ્મી એટલે ઈજીપ્તમાં રહેલ મમી (પૂતળુ) તો નથી થઈ ગયા ને ? તેવો વેધક સવાલ કરેલ તથા બાપુજી થી અનુક્રમે બાપા, પિતા, પિતાજી, પપ્પા પછી કાળક્રમે ડેડી અને અત્યારે તો બાળકો ડેડ કહીને બોલાવે છે. ડેડનો બીજો અર્થ થાય છે મૃતશરીર (લાશ). આપણે આપણી ભાષાને છોડીને કયાં જઈ રહ્યાં છીએ ! આમ પોતાનાં વિચારને રમતો મૂકેલ.



નાગપુર મહાજન શ્રેષ્ઠીઓની સંગોષ્ઠિ સભામાં ઉપસ્થિત મહેમાનો




ત્યારબાદ **શ્રી રમણભાઈ ઠક્કર (અમદાવાદ)** એ પોતાના મુક્ત વિચારોને વાચા આપતાં જણાવેલ કે દુનિયા નાની થઈ ગઈ છે. આ માનસિક ગુંચવાડો ભાષા બાબતે શા માટે? ચીનમાં પણ અંગ્રેજી ભાષા બોલાય છે, શિક્ષણ પણ અંગ્રેજી માધ્યમમાં થઈ ગયું છે ત્યારે અંગ્રેજી ભાષા લખવી, બોલવી, સમજવી જરૂરી છે. સમાજનો વિકાસ સાધવો હશે તો ઈંગ્લીશ મીડીયમને સ્વીકારવું પડશે. સાથે સાથે માતૃભાષા ગુજરાતી સહજ રીતે બોલાય અને લખાય તે માટે નિબંધ સ્પર્ધા, ભજન સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા, ગીત સ્પર્ધા, જેવા પ્રોત્સાહક કાર્યક્રમોનું આયોજન સંસ્થાઓ, સમાજ, જ્ઞાતિ મહાજનો દ્વારા કરવામાં આવે તો આજના જમાનામાં તાલમેળ મેળવી શકાય.

**સુશ્રી સેજલબેન સોતા (મુલુંડ)**નાં એ રજૂઆત કરતાં જણાવ્યું કે ગ્લોબલાઈઝેશનનાં જમાનામાં અંગ્રેજી ભાષાનું મહત્વ વધ્યું છે તે હકીકત છે. અંગ્રેજી ભાષા સોતેલી માતા જેવી છે જ્યારે ગુજરાતી ભાષા પોતાના માતા જેવી છે. પરિવારમાં દરેક બાળકોને ભાષાનું જ્ઞાન આપવું જરૂરી છે. **શ્રી મોહનભાઈ મજેઠિયા (ઓરીસ્સા - કટક)** એ પોતે ગુજરાતી ભણ્યા નથી તેમ નિર્દોષભાવે કબૂલ કરીને કહ્યું કે, ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષા જરૂરી છે. દા.ત. વાઈફ વગર ચાલશે નહીં અને માતાને તરછોડી શકીશું નહીં. કારણ બંનેની જરૂર છે. ત્યારબાદ **સુશ્રી દીપાબેન ઠક્કર (મુલુંડ)** એ સંબંધ અન્ય જ્ઞાતિમાં થાય છે તે રોકવાની જરૂરીયાત ઉપર ભાર આપતાં જણાવ્યું કે માં ગુજરાતી - બાપ મરાઠી આમ જન્મ લેનાર બાળક સેન્ડવીચ થઈ જાય છે. તેને ગુજરાતી, અંગ્રેજી, મરાઠી આમ ત્રણ ત્રણ ભાષા બોલવી પડે છે. સબંધ વિચ્છેદના વધતા પ્રમાણ પર પોતાના વિચાર જણાવતા **શ્રી વિનોદભાઈ નાગ્રેચા (નાગપુર)**એ કહ્યું કે આવવાવાળી વહુ સાથે એવા વ્યવહાર કરવા જે પોતાની પુત્રીને એના સાસરીએ મળવાની ઈચ્છા રાખતા હોઈએ અને છોકરા અને છોકરીને સગપણની પહેલા એક બીજાને જાણવા તથા જાણકારી મેળવવા માટે પર્યાપ્ત સમય આપવાની સલાહ આપેલ. **પ્રમુખ શ્રી ભરતભાઈ ઠક્કરે** સ્થાનિક મુદ્દાઓ ઉપર પોતાના વિચારો રજૂ કરેલ જેમાં લગ્નની પત્રિકાને કુરીયર દ્વારા મોકલવાની પ્રથાને માન્યતા આપવી તથા મૃત્યુ બાદ ઉઠમણું, જે મંગળવાર, બુધવાર તથા રવિવારે ન થઈ શકે તે પ્રથાથી સમાજને બંધનમુક્ત કરી બીજા અથવા ત્રીજા દિવસે સગવડતાનુસાર કરવું તેવી રજૂઆત કરેલ.

ત્યારબાદ સમગ્ર એશિયાખંડમાં જેણે એક ભારતીય તરીકે એક રઘુવંશી લોહાણા તરીકે નામના કાઢી છે તેવા એટલાંટીક સમુદ્ર પર ભારતીય નૌસેનાના ઓફિસર તરીકે મેડલ મેળવેલ અને આઈ. એન.એસ. વિક્રમાદિત્ય (ભારતીય સેનાનું એરક્રાફ્ટ) કે જેની ઉપર ૧૫૦૦ જેટલા નૌ સેના નિષ્ણાંત એવા ઓફિસરો જે જહાજ ઉપર સેવા બજાવતા હોય છે તેમના ઉપરી અધિકારી તરીકે ફરજ બજાવતા યંગમેન **શ્રી મંગળજીભાઈ ઠક્કરનું સન્માન શ્રી લોહાણા મહાપરિષદનાં વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી પરેશભાઈ ભુપતાણી**નાં વરદ્હસ્તે કરવામાં આવેલ. ત્યારે ઉપસ્થિત તમામ શ્રોતાગણે શ્રી મંગળજીભાઈના આ દેશપ્રેમ, દેશભક્તિ અને દેશ પ્રત્યેની વફાદારી માટે સો સો સલામી આપેલ.

ત્યારબાદ જેમને સાંભળવા માટે બધા આતુરતાપૂર્વક રાહ જોતા હતા એ શ્રી લોહાણા મહાપરિષદનાં પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણીએ પોતાના વકતવ્યમાં ચર્ચાસભાનાં વિષયોને તથા નાગપુર લોહાણા મહાજન દ્વારા રજૂ થયેલ જ્ઞાતિ સમસ્યાઓ, કુરિવાજો, માતૃભાષા, રૂઢિગત વિચારોને તિલાંજલિ, લગ્ન વિચ્છેદ, સગપણ વિચ્છેદ જેવા સળગતા પ્રશ્નો બાબતે બધા જ વકતાને સાંભળ્યા પછી બહુ જ સુંદર રીતે દરેક બાબત આવરીને મુદ્દાસર છણાવટ કરી. તેમણે જણાવ્યું કે માતા, માતૃભાષા, માતૃભૂમિ અને માતૃસંસ્થા ક્યારેય પરિવર્તનના નામે બદલી શકાતી નથી. માતશક્તિની તાકાત દર્શાવતી સુંદર પંક્તિઓ તેમણે ટાંકીને કહ્યું,

*'અધરાત હો, મધરાત હો, ઘર હો કે હો મેદાન,*

*ટચલી ગ્રહી તુજ આંગળી, સારા જગમાં જાઉં વહી...'*

અર્થાત જન્મથી બાળકો થોડુંક મોટું થાય ત્યારે બાળકને ચાલતાં ટચલી આંગળી પકડીને માં જ લઈ જઈ શકે. સાચો રસ્તો દેખાડી શકે. ભાષા પરત્વે પ્રેમ જગાડવા માટે આપણે આપણા ઘરમાં ગુજરાતી સાહિત્યનાં નામાંકિત સાહિત્યકારો પૈકીના હેમચંદ્રાચાર્ય, કવિ નર્મદ, ક. મા. મુનશી, નરસિંહ મહેતા, ઝવેરચંદ મેઘાણી, કવિ કલાપી જેવા ખ્યાતનામ લેખકો - કવિઓ વિદ્વાનોના પુસ્તકો ઘરમાં વસાવી બાળકોને તેના વિશેની સમજ આપવી જરૂરી છે. ઉપરાંત ગુજરાતી ન્યુઝ પેપર્સ નિયમિત ઘરે લાવી સૌ સભ્યોએ વાંચવા જોઈએ તેવું માર્ગદર્શન પણ આપેલ. માતૃભાષાની જાળવણી કરવી છે પણ સમયનો અભાવ છે તેવા બહાના હેઠળ બીજી ભાષા પરત્વે લોકો પ્રેરાય છે. અંગ્રેજી ભાષાને માધ્યમ તરીકે સ્વીકારી શકાય પણ સંસ્કૃતિ તરીકે નહીં. આપણે ગુજરાતમાં જન્મ્યા છીએ તો તે ભાષાને કેમ ભૂલી શકાય ? એવો વેધક સવાલ તેમણે શ્રોતાજનોને કરેલ !

બીજા સળગતા પ્રશ્નો પૈકી સગપણ વિચ્છેદ અને લગ્ન વિચ્છેદ અંગે તેઓએ જણાવેલ કે લગ્ન વિચ્છેદ અટકાવવા માટે બંને પક્ષે "સમજણ" અને "સ્વીકાર" ની મહત્તા સમજવી પડશે અને તેને જીવનમાં અપનાવવા જોઈશે. જો આમ થશે તો કયારેય કોઈ પરિવારમાં લગ્ન વિચ્છેદ કે સગપણ વિચ્છેદના બનાવો જોવા કે સાંભળવા નહીં મળે. ઘરમાં આવેલી નવી વહુને દિકરીની જેમ સમજો અને ધીરે ધીરે અપરિચીત પરિવારમાંથી આવેલી દીકરીને પોતાની દીકરી છે તેમ સમજી વ્યવહાર કરશો તો ઘરમાં ઝઘડા, ટંટા, ફસાદ કે છૂટાછેડાના પ્રશ્નો ઉદ્‌ભવશે નહીં. ત્યારબાદ તેઓએ થેલેસિમીયા રોકવા પર જોર આપેલ અને સભાને જાણકારી આપેલ કે, શ્રી લોહાણા મહાપરિષદ આ ગંભીર બિમારી સામે લડવા છેલ્લા ૨૫ વર્ષોથી પ્રયત્નશીલ છે. અંતમાં તેઓએ નાગપુર લોહાણા મહાજન તથા નાગપુરની તમામ સંસ્થાઓના પદાધિકારીઓ, હોદ્દેદારો, કારોબારી સભ્યોનો અંતઃકરણપૂર્વકનો આભાર માનેલ.




આ સંગોષ્ઠિ સભામાં શ્રી ભાવિનભાઈ ઠક્કર, શ્રી નરેન્દ્રભાઈ નાગ્રેચા, શ્રી હરીશભાઈ સુચક, ઍડ. શ્રી પ્રકાશભાઈ સુચક, શ્રી વસંતભાઈ પોપટ, શ્રી નિતિનભાઈ સોમૈયા, શ્રી પ્રકાશભાઈ નાનજીભાઈ સુચક, શ્રી નિર્મલભાઈ મગિયા, શ્રી ભરતભાઈ રાડીયા, શ્રી હસમુખભાઈ મશરૂ, શ્રી નિલેશભાઈ ગઢિયા, શ્રી ધિરેન્દ્રભાઈ ઠક્કર, શ્રી બિપીનભાઈ તન્ના, શ્રી નલિનભાઈ કાનાબાર, શ્રી હસમુખભાઈ સાગલાણી, શ્રી ભાવેશભાઈ પોંદા, શ્રી મુકેશભાઈ સેદાણી, શ્રી નરેન્દ્રભાઈ દાવડા, શ્રી ધીરજલાલભાઈ તન્ના, શ્રી રામદાસભાઈ વજાણી, શ્રી દામોદર દાસભાઈ લાખાણી, શ્રી સુભાષભાઈ જોબનપુત્રા, શ્રી શિરીષભાઈ ઠક્કર, શ્રી રાજેશભાઈ વસાણી, શ્રી હર્ષદભાઈ ઠક્કર, શ્રી નટવરલાલભાઈ આડતીયા, શ્રી પ્રમોદભાઈ પટેલીયા, શ્રી ચંદ્રકાંતભાઈ ઠક્કર, શ્રી શૈલેષભાઈ રાજા, શ્રી પ્રદિપભાઈ રૂખિયાણા, શ્રી રાજેશભાઈ પોંદા, શ્રીમતી મીનાબેન ઠક્કર, શ્રીમતી શોભનાબેન કારીયા, શ્રી જય પ્રકાશભાઈ વસાણી તેમ અનેક સ્થાનિક જ્ઞાતિ શ્રેષ્ઠીઓ ઉપસ્થિત હતા.





માતૃસંસ્થા દ્વારા આયોજીત રાષ્ટ્રીય કક્ષાની ટેબલ ટેનિસ સ્પર્ધાનાં દશ્યો

ચર્ચા સભાના સમાપન બાદ તમામ હોદ્દેદારો, માનવંતા મહાનુભાવો તથા જ્ઞાતિ શ્રેષ્ઠીઓએ **ટેબલટેનિસની રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા**ને રસપૂર્વક નીહાળી જ્ઞાતિના રમતવીરોને પ્રોત્સાહન અને જુસ્સો વધે તે રીતે બધા જ રમતવીરોને તેમની રમત દરમ્યાન તાળીઓ દ્વારા તથા શબ્દો દ્વારા પ્રોત્સાહન પુરું પાડેલ. સમગ્ર સ્પર્ધામાં ભારતનાં તમામ સાતે વિભાગોનાં રઘુવંશી રમતવીર ભાઈ - બ્હેનો તથા બાળ / કિશોર/ યુવા દીકરા - દીકરીઓએ ભાગ લીધેલ.

અતિ પ્રોત્સાહક વાતાવરણમાં રમાયેલ આવી રાષ્ટ્રીય કક્ષાની રમતગમત સ્પર્ધા શ્રી લોહાણા મહાપરિષદનાં નેજા હેઠળ યોજાયેલા હોય તેવો આ સર્વ પ્રથમ બનાવ હતો. આ સ્પર્ધાથી ભારતભરનાં તમામ રઘુવંશીઓમાં એક નવીજ ચેતનાનો સંચાર થયો છે. આ સ્પર્ધાનું ખૂબજ સફળ, સુંદર અને સુઆયોજીત સંચાલન **રમતગમત સમિતિનાં અધ્યક્ષ શ્રી પિયુષભાઈ મજીઠીયા**નાં માર્ગદર્શન હેઠળ તેમજ **રમતગમત સમિતિનાં વિભાગીય ઉપાધ્યક્ષશ્રીઓ** અને ખાસ કરીને **વિદર્ભ સહ મધ્યભારતનાં ઉપાધ્યક્ષશ્રી લલિતભાઈ જીવાણી**ની સીધી દેખરેખ હેઠળ યોજાયેલ.

ત્યારબાદ સમી સાંજના સુરીલા વાતાવરણમાં સુરમ્ય સંધ્યાએ સંતરા નગરી **નાગપુરના નગર શ્રેષ્ઠી શ્રી પ્રકાશભાઈ નાનજીભાઈ સૂચક**ના સુરાબર્ડી મેડોઝ ફાર્મ ઉપર આયોજીત **"સાંસ્કૃતિક કાર્યક્રમ"**માં નાગપુરના રઘુંવશીઓ દ્વારા જ તૈયાર કરાયેલ સંગીતની એક મ્યુઝીકલ ઓરકેસ્ટ્રા 'વોઈસ ઓફ લોહાણા'ના તમામ ગીતકાર, સંગીતકાર રઘુવંશીઓએ ગીત - સંગીતની જબરજસ્ત મહેફિલ દ્વારા આકર્ષણ જમાવ્યું હતું.

એક થી એક ચઢિયાતા ગીતોની રજૂઆતની સાથે સાથે સમય આગળ સરકી રહ્યો હતો. આગંતુક મહેમાનો પૈકી કોઈમ્બતુરથી પધારેલ કો-ઓપ્ટ સભ્ય શ્રી સુરેશભાઈ મંગલદાસનાં ધર્મપત્ની શ્રીમતી રાગીણીબેન સુરેશભાઈએ ખૂબ સુંદર ગીત ગાઈને ઉપસ્થિત સૌને ડોલાવી દીધેલા. સુરમ્ય સંધ્યાની સંગીતની સરવાણીના દોરમાં શ્રી લોહાણા મહાપરિષદનાં મલ્ટી પર્સનાલીટી વન મેન આર્મી જેવા પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણીએ પણ પોતાની આંગળીઓ કી - બોર્ડ ઉપર ફેરવી સંગીતનાં સૂરો રેલાવીને સાબિત કરી આપ્યું કે મનુષ્ય ધારે તે કરી શકે છે.



શ્રી પ્રકાશભાઈ સૂચકનાં ફાર્મ ઉપર આયોજીત સાંસ્કૃતિક કાર્યક્રમની ઝલક



ત્યારબાદ 'મેઘધનુષ' નામના સંગીત આલ્બમપૈકીના ગીતોમાંથી તેમને ગમતું એક બાળગીત સ્વમુખે ગાઈને લોકોની વાહવાહ મેળવેલ. ગીતના શબ્દો હતા **'ફાંદાળુ પેટ છે પપ્પાનું'** અને ઉપસ્થિત સૌએ સાચા અર્થમાં હસીહસીને બેવડ વળીને મનોરંજનની મજા માણેલ. ત્યારબાદ તેમના ધર્મપત્ની શ્રીમતી ભૈરવીબેન લાખાણીએ પણ એક સુંદર ગીત ગાઈને ફરમાઈશ પૂરી કરેલ. કાર્યક્રમનાં અંતે યજમાન શ્રેષ્ઠી શ્રી પ્રકાશભાઈ નાનજીભાઈ સૂચકે **'જીના યહાં મરના યહાં'** ગીતને આબાદ રીતે રજૂ કરી હાજર સૌ કોઈનાં દિલ જીતી લીધેલા.

ત્યારબાદ તમામ ગાયક મિત્રોને સુંદર સ્મૃતિચિન્હો અર્પણ કરી બિરદાવવામાં આવ્યા.

ગીત સંગીતનાં સાનીધ્યે સુંદર ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલ. તેમાં સહુ આમંત્રિત મહેમાનોએ સ્વરૂચિ ભોજનનો આસ્વાદ માણી પ્રથમ દિવસની મહેમાનગતી હૈયે અને હોઠે રાખીને પૂર્ણતઃ રીતે માણેલ અને નાગપુર લોહાણા મહાજનની આ મહેમાનગતિ અને આગતા સ્વાગતાને વાગોળતા મીઠીમધુર યાદો સાથે બીજા દિવસે ફરી મળવા માટે પોતપોતાના રાત્રિ રોકાણના સ્થળો ઉપર આરામ કરવા માટે પરત ફર્યા.






સંતરાનગરી નાગપુર ખાતે તા. ૩૦-૧-૨૦૧૧ની સુંદર સવારે સૂર્યનારાયણના પૃથ્વી ઉપર આગમન સાથે જ શ્રી ખખ્ખર લોહાણા મહાજન વાડી, નાગપુર ખાતે શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા આયોજીત કારોબારી સમિતિની બેઠક સવારે ૧૦:૦૦ વાગે નિર્ધારીત સમયે શરૂ કરવામાં આવી તે પહેલાં સ્થાનિક મહાજન સંસ્થાઓની લાગણીને માન આપીને માતૃસંસ્થાનાં પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણી, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી પરેશભાઈ ભુપતાણી, પૂર્વ પ્રમુખ તથા ટ્રસ્ટી શ્રી રવિન્દ્રભાઈ વાઘાણી તેમજ અન્ય હોદ્દેદારોએ શ્રી લોહાણા મહાજન, નાગપુરનાં પ્રમુખ શ્રી ભરતભાઈ ઠક્કર તથા માતૃસંસ્થાનાં વિદર્ભ સહ મધ્યભારત વિભાગનાં ઉપપ્રમુખ શ્રી પ્રમોદભાઈ પટેલિયાનાં સાંનિધ્યે સૌ પ્રથમ **શ્રી જલારામ પ્રાર્થના મંદિર, નાગપુર**ની મુલાકાત લઈ દર્શનનો લાભ લીધેલો. સંસ્થાનાં પ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ દાવડા તથા અન્ય સૌ હોદ્દેદારશ્રીઓએ સૌનું ભાવભીનું સ્વાગત કરી મંદિરનાં પરિસરમાં સૌએ સાથે પ્રસાદ લીધો હતો.



**શ્રી જલારામ પ્રાર્થના મંદિર, નાગપુરની મુલાકાત**



**શ્રી લોહાણા સેવા મંડળ, નાગપુર સંસ્થામાં તેનાં પદાધિકારીઓ સાથે**

ત્યારબાદ **શ્રી લોહાણા સેવા મંડળ, નાગપુર**ની મુલાકાતે જતાં સંસ્થાનાં પ્રમુખશ્રી શૈલેષભાઈ રાજા તથા હોદ્દેદારોએ સૌનું હાર્દિક સવાગત કરી સંસ્થાનું સમગ્ર સંકુલ મહેમાનોને દેખાડી તેની ઉપયોગીતા અને પ્રવૃત્તિઓની માહિતિ આપતા સૌ કોઈ પ્રભાવિત થયા હતા.

ત્યારબાદ સ્થાનિક અગ્રણીઓનાં આગ્રહને માન આપી સૌ મહેમાનોએ શ્રી ભરતભાઈ ઠક્કર, શ્રી રાજેશભાઈ ખખ્ખર અને શ્રી પ્રમોદભાઈ પટેલિયાનાં નિવાસસ્થાનોની મુલાકાત લઈ જુના સંસ્મરણો વાગોળ્યા હતા. ત્યારબાદ સૌ શ્રી ખખ્ખર લોહાણા મહાજન વાડી સમયસર પરત આવી પહોંચતાં કારોબારી સમિતિની બેઠક શરૂ કરવા ઉદ્‌ઘોષકશ્રીને સૂચના આપવામાં આવી.







**માતૃસંસ્થાનાં વિદર્ભ સહ મધ્યભારતનાં**
**ઉપપ્રમુખ શ્રી પ્રમોદભાઈ પટેલિયા,**
**શ્રી લોહાણા મહાજન, નાગપુરનાં પ્રમુખ**
**શ્રી ભરતભાઈ ઠક્કર તથા જ્ઞાતિશ્રેષ્ઠી**
**શ્રી રાજેશભાઈ કનુભાઈ ખખ્ખરનાં નિવાસસ્થાનોની**
**માતૃસંસ્થાનાં અગ્રણીઓની મુલાકાત**

આ સભાનું સંચાલન શ્રી લોહાણા મહાપરિષદના ઉદ્‌ઘોષક ડૉ. શ્રી રાજેશભાઈ કોટેચા દ્વારા ખૂબ જ સુંદર રીતે કરવામાં આવેલ. સૌ પ્રથમ સભામાં ઉપસ્થિત શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણી, વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી પરેશભાઈ ભુપતાણી, પૂર્વ પ્રમુખ તથા ટ્રસ્ટી શ્રી રવિન્દ્રભાઈ વાઘાણી, ટ્રસ્ટીઓ ડૉ. હર્ષદભાઈ ખખ્ખર તથા સુશ્રી વીણાબેન પાંધી, નાગપુર લોહાણા મહાજનના પ્રમુખ શ્રી ભરતભાઈ ઠક્કર, માતૃસંસ્થાનાં મંત્રીઓ શ્રી નેણશીભાઈ મીરાણી તથા શ્રી જીતેન્દ્રભાઈ ઠક્કર, મુખ્ય અતિથિ શ્રી અરવિંદભાઈ બદિયાણી તેમજ અતિથિ વિશેષ શ્રી પ્રકાશભાઈ સૂચક, શ્રી જયસુખભાઈ પોપટ, શ્રી બિપીનભાઈ ગણાત્રા, શ્રી લોહાણા મહાપરિષદનાં વિદર્ભ સહ મધ્યભારતનાં વિભાગીય ઉપપ્રમુખ શ્રી પ્રમોદભાઈ પટેલિયા, શ્રી દિલીપભાઈ રૂઘાણી, શ્રી વિનુભાઈ રાયચુરા, શ્રી જલેશભાઈ લાખાણી, શ્રી ભરતભાઈ દનાણી, શ્રી અરુણભાઈ સામાણી (નૈરોબી), શ્રીમતી પન્નાબેન રાજા (લંડન), શ્રી જયેશભાઈ કારીયા, ડૉ. સુશ્રી નૂતનબેન ગોકાણી, શ્રી અજયભાઈ વડેરા, સુશ્રી દુર્ગાબેન લાદીવાલા, શ્રી શશીકાંતભાઈ કાનાણી, શ્રી અતુલભાઈ લાખાણી, ડૉ. શ્રી રમેશભાઈ ભાયાણી, ડૉ. શ્રી નિતીનભાઈ રાડીયા, શ્રી કિશોરભાઈ ભજીયાવાલા, શ્રી જયકરભાઈ ચોટાઈ, શ્રી અશોકભાઈ ગઢિયા, શ્રી પિયુષભાઈ મજીઠિયા, શ્રી હિતેશભાઈ કારીયા, શ્રી હર્ષદભાઈ ગણાત્રા, શ્રી પ્રવિણભાઈ ગંદા, શ્રી ભરતભાઈ માવાણી, શ્રી ચિરાગભાઈ કોટક તથા શ્રી જયભાઈ ઠક્કરને મંચસ્થ થવા માટે આવકાર આપેલ.




ત્યારબાદ શ્રી લોહાણા મહાપરિષદની પરંપરા અનુસાર સૌ રઘુવંશીઓમાં રાષ્ટ્રીય ચેતના જાગે અને રઘુકુળ પ્રત્યે જાગૃતિ આવે તે હેતુથી મંચસ્થ મહાનુભાવો દ્વારા ધ્વજવંદન કરવામાં આવેલ અને સંસ્થા દ્વારા આપણી જ્ઞાતિનું ગીત, સભ્યતા, સંસ્કૃતિ અને ધર્મનું પ્રતિક **'શ્રી રઘુવંશી ધ્વજવંદન ગીત'** સહુએ સાથે મળીને ગાયેલ.

ત્યારબાદ યજમાન સંસ્થા **નાગપુર લોહાણા મહાજનના પ્રમુખ શ્રી ભરતભાઈ ઠક્કરે** શાબ્દિક સ્વાગતમાં જણાવેલ કે આજે નાગપુરમાં એટલો બધો આનંદ છે કે 'સુદામા ઘેર શ્રી કૃષ્ણ પધાર્યા' ની લાગણી વર્તાય છે. કારણ આજે સમગ્ર વિશ્વમાંથી પધારેલા જ્ઞાતિગંગાના વહેણ સમા જ્ઞાતિશ્રેષ્ઠીઓને જોઈને જ મનમાં જુદી જ અનુભૂતિ થાય છે. શબ્દોથી સ્વાગત થયા બાદ શ્રી લોહાણા મહાપરિષદના એજન્ડા મુજબ સંસ્થાના વરિષ્ઠ ઉપાધ્યક્ષ **શ્રી પરેશભાઈ ભુપતાણી**એ જણાવેલ કે સૌથી નાની વયના પ્રમુખશ્રી એ જમ્બો કેબિનેટનું વિસ્તરણ કરવાની જવાબદારી મારા ખભે નાંખી છે. શ્રી યોગેશભાઈ ભગવાન રામનું સ્વરૂપ છે અને તેઓ મને લક્ષ્મણ સમજીને બધી જવાબદારીમાં સાથે રાખી આગળ કરે છે. મારા માટે તે ગૌરવની બાબત છે. સાથે સ્પષ્ટતા કરતાં જણાવ્યું કે કેબિનેટ ભલે જમ્બો કરી છે પણ સેવા કાર્યને વહેંચીએ તો સફળતા આપણા કદમચૂમે. જેમના થકી સંસ્થા પ્રગતિ અને વિકાસની હરણફાળ ભરી શકે તે હેતુથી નિમણૂંકો કરેલ છે.



માતૃસંસ્થાનાં વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી પરેશભાઈ ભૂપતાણી નવી નિમણૂંકોની જાહેરાત કરતાં સમયે

## નવી નિમણૂંકોમાં તેમના દ્વારા નામોની નામાવલી રજૂ કરેલ જે નીચે મુજબ છે.

- **શ્રી અરુણભાઈ સામાણી - (નૈરોબી), વિભાગીય ઉપપ્રમુખ - આફ્રિકા વિભાગ**
- **શ્રીમતી પન્નાબેન રાજા - (લંડન), વિભાગીય ઉપપ્રમુખ - યુનાઈટેડ કિંગડમ વિભાગ**
- **શ્રી ચંદ્રકાન્તભાઈ વલ્લભદાસ ચોથાણી - (મસ્કત), વિભાગીય ઉપપ્રમુખ - મીડલ ઈસ્ટ વિભાગ**
- **શ્રી હીરાલાલભાઈ એચ. રાજા - (કોલકાતા), વિભાગીય ઉપપ્રમુખ - ઉત્તર પૂર્વ ભારત વિભાગ**
- **શ્રી મહેન્દ્રભાઈ (નટુભાઈ) દયાળજીભાઈ રૂઘાણી - (મુંબઈ),સંયુક્ત મંત્રી**
- **શ્રી અંજનભાઈ હરજીવનદાસ કોટક - (અમદાવાદ), સંયુક્ત મંત્રી**
- **શ્રી કમલેશભાઈ ચંદુલાલ કોટેચા - (જામનગર), સહમંત્રી (લીગલ)**
- **શ્રી શંભુભાઈ એસ. હરીયાણી - (મુંબઈ), કો. ઓર્ડીનેટર (મુંબઈ સહ મહારાષ્ટ્ર)**



નાગપુર મધ્યે યોજાયેલ કારોબારી સભામાં ઉપસ્થિત કારોબારી તથા આમંત્રિત સભ્યો

ઉપસ્થિત સર્વે નવનિયુક્ત હોદ્દેદારોને યુવા પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણીનાં વરદ્‌હસ્તે નિમણૂક પત્રો અપાયા અને તાળીઓનાં ગડગડાટ વચ્ચે તેઓ સૌએ મંચ પર પોતાના સ્થાન ગ્રહણ કર્યા.

ત્યારબાદ એજન્ડા મુજબ શ્રી લોહાણા મહાપરિષદનાં મંત્રી શ્રી નેણશીભાઈ મીરાણીએ હાજર હયાત નથી તેવા દિવંગત જ્ઞાતિ અગ્રણીઓના આત્માના કલ્યાણાર્થે શબ્દોથી ભાવાંજલી અર્પેલ. સ્વ. શ્રી કેશવલાલ ઝવેરચંદ કોટક (સિકંદરાબાદ), સ્વ. શ્રી અમરતલાલ ખેતાણી (રાજકોટ), સ્વ. શ્રી કાંતિભાઈ સરૈયા (કોલકાતા), સ્વ. શ્રી ચંદ્રવદનભાઈ બુધારીયા (કોલકાતા), જ્ઞાતિસંત સ્વ. પૂ. શ્રી હરિભાઈ કોઠારી (મુંબઈ), સ્વ. શ્રી શિવજીભાઈ (બાબુભાઈ) મજેઠિયા તેમજ દિવંગત નામી અનામી આત્માઓનાં જીવંત કાર્યોની સુવાસની પ્રશસ્તિ કરેલ અને ઉપસ્થિત તમામે દિવંગત આત્માઓનાં કલ્યાણાર્થે ઉભા થઈ બે મીનીટનું મૌન પાળી શ્રદ્ધાંજલિ અર્પણ કરેલ.

એજન્ડા મુજબ સભાની કામગીરી આગળ વધારતા જે મહાનુભાવો આ સભામાં ઉપસ્થિત રહી શકયા નથી તેઓના શુભેચ્છા સંદેશાનું વાંચન શ્રી નેણશીભાઈએ કરેલ જેમાં માતૃસંસ્થાનાં પૂર્વ પ્રમુખ તથા ટ્રસ્ટી શ્રી જયંતિભાઈ કુંડલિયા(રાજકોટ), ટ્રસ્ટી શ્રી મોહનભાઈ ઠક્કર (મુંબઈ), ટ્રસ્ટી સુશ્રી મીતાબેન મસરાણી (મુંબઈ), શ્રી કિશોરભાઈ પુજારા (મુંબઈ), શ્રી કેતનભાઈ પોપટ ((મુંબઈ), સુશ્રી કાશ્મીરાબેન નથવાણી(રાજકોટ), શ્રી ચંદ્રકાન્તભાઈ ચોથાણી (મસ્કત), શ્રી પ્રવિણભાઈ કોટક (અમદાવાદ), શ્રી ઉમંગભાઈ ઠક્કર (અમદાવાદ), શ્રી નંદલાલ ગઢિયા (દિલ્હી), શ્રી જગદીશભાઈ ખખ્ખર, સુશ્રી પ્રજ્ઞાબેન રાજા (વલસાડ), શ્રી હસમુખભાઈ કારીયા (આણંદ), શ્રી ધીરુભાઈ મીરાણી (મુંબઈ), શ્રી ચુનીભાઈ ખખ્ખર (જામનગર), શ્રી ગીરીશભાઈ ઠક્કર, શ્રી લક્ષ્મીદાસ રાયઠઠ્ઠા (ચેન્નાઈ), શ્રી સચિનભાઈ કોટેચા (કોઈમ્બતુર), શ્રી ભાવેશભાઈ લાખાણી(અમદાવાદ), શ્રી મહેશભાઈ નાગ્રેચા (વડોદરા), શ્રી સુરેશભાઈ ઠક્કર, શ્રી જીતુભાઈ પુજારા(અમદાવાદ), શ્રી ભગવાનભાઈ બંધુ (ડીસા), શ્રી અશોકભાઈ ભોજાણી (રાજકોટ), શ્રી રમેશભાઈ ચોલેરા (રાજકોટ), સુશ્રી નિરંજનાબેન વિઠલાણી (જામનગર), શ્રી નિરંજનભાઈ ઠક્કર (કોલકાતા), શ્રી અનિલભાઈ માખેચા (કેનેનોર), શ્રી કાંતિલાલ જોબનપુત્રા (બિલાસપુર), શ્રી પ્રતાપભાઈ રાયચુરા (કોઈમ્બતુર), શ્રી મુકેશભાઈ ચંદન (ચેન્નાઈ), શ્રી રાજેશભાઈ પુજારા (ચેન્નાઈ), શ્રી કિશોરભાઈ ભુપતાણી (અમદાવાદ), શ્રી પ્રદિપભાઈ સચદેવ (રાજકોટ), શ્રી મોહનભાઈ પવાણી (મુંબઈ), શ્રી શંભુભાઈ હરીયાણી (મુંબઈ), શ્રી અભયભાઈ પુજારા (તિરુપુર), શ્રી હેમંતભાઈ લાખાણી (પોરબંદર), શ્રી યજ્ઞેશભાઈ ઠક્કર (ચેન્નાઈ) વગેરે જ્ઞાતિશ્રેષ્ઠીઓની ગેરહાજરીમાં તેઓશ્રીનાં શુભ સંદેશાઓની નોંધ લેવામાં આવી.




ત્યારબાદ એજન્ડા મુજબ કાર્યવાહીનો દોર આગળ વધારતાં **માતૃસંસ્થાનાં મંત્રી શ્રી જીતેન્દ્રભાઈ ઠક્કરે** પોરબંદર મધ્યે બોલાવેલ ગત કારોબારી બેઠકમાં (તા. ૩-૧૦-૨૦૧૦) થયેલા ઠરાવોનું વાંચન કરેલ જેને સર્વાનુમતે સૌએ બહાલી આપેલ. ઠરાવોમાં મુખ્યત્વે નીચે મુજબનાં મુદ્દાઓનો સમાવેશ થયેલ હતો.

- **નવરચિત મધ્યસ્થ મહાસમિતિમાં વિવિધ હોદ્દાઓની નિમણૂકો**
- **નવપલ્લવિત મુખપત્ર 'શ્રી રઘુકુળ વિશ્વ'ની રજૂઆત તથા નિર્ણયો**
- **શ્રી લોહાણા પરિષદ સ્થાપિત ૧૨ એવોર્ડ પૈકી કુલ ૪ એવોર્ડસ્ આગામી બેઠકમાં એનાયત કરવા જાહેરાત**
- **માતૃસંસ્થા દ્વારા સ્વરબદ્ધ કરાયેલ ધ્વજવંદન ગીતની સીડી તમામમહાજનોનાં કાર્યક્રમો પૂર્વે વગાડવા નિર્ણય**
- **કારોબારી સમિતિનાં વિભાગીય માળખાની રજૂઆત**
- **બેંક ખાતાઓમાં પડેલી રકમની ઓછા વ્યાજનાં દરની એફ. ડી. વટાવી વધુ વ્યાજનાં દરવાળી એફ.ડીમાં**
- **મૂકવા નિર્ણય તથા બેંકમાં ખાતાઓનું કેન્દ્રીયકરણ કરવા અંગે નિર્ણય**
- **શ્રી લોહાણા મહાપરિષદની વેબસાઈટને અપગ્રેડ કરી વિસ્તૃત બનાવવા અંગે નિર્ણય વિગેરે...**

ઠરાવના વાંચન અને બહાલી બાદ **શ્રી બિપીનભાઈ ગણાત્રા, રાષ્ટ્રીય ઉપપ્રમુખ (આઈ. ટી.), શ્રી જય ઠક્કર સહમંત્રી (આઈ. ટી.)** તથા તેમની રાષ્ટ્રીય ટીમનાં સભ્યો **શ્રી કીરીટભાઈ અઢીયા, શ્રી માધવભાઈ ઠક્કર** તથા **શ્રી જય લાખાણી**નાં સંયુક્ત પ્રયાસોથી તૈયાર થયેલ માતૃસંસ્થાની નવરચિત વેબસાઈટ **www.lohanamahaparishad.org** નું વિધિવત ઉદ્‌ઘાટન **શ્રીમતી કલ્પનાબેન વિજયભાઈ વડેરા (ગોંદિયા)**ના વરદ્ હસ્તે કરવામાં આવેલ. શ્રી બિપીનભાઈ ગણાત્રાએ આ ખુલ્લી મુકાયેલ વેબસાઈટની વિસ્તૃત માહિતી આપતાં જણાવ્યું કે વેબસાઈટ પૂર્વપ્રમુખ શ્રી રવિન્દ્રભાઈ વાઘાણીના સમયથી જ કાર્યરત હતી. વેબસાઈટનો વધુ અસરકારક ઉપયોગ કરવા માટે નવી ચીજો વધુ ભાર મૂકતાં તેમાં પાયાનાં ફેરફારો જરૂરી જણાયા અને તેની નવરચના થઈ.



**શ્રી લોહાણા મહાપરિષદની નવરચિત વેબસાઈટનું ઉદ્‌ઘાટન**

તેની ઉપયોગીતા વિશે જણાવતાં શ્રી બિપીનભાઈએ જણાવેલ કે સંસ્થાનાં તમામ હોદ્દેદારો, પદાધિકારીઓની તમામ વિગતો વેબસાઈટ ઉપર અપલોડ કરેલ છે તે તમે વેબસાઈટ ઉપર જોઈ શકો છો અને તેનું પ્રત્યક્ષ નિદર્શન કરીને તેમણે અને તેમના સહમંત્રી (આઈ. ટી.) નવયુવાન શ્રી જય ઠક્કરે ખૂબજ ઝીણવટપૂર્વક દરેક પાસાઓની છણાવટ કરી એક એક સમાવિષ્ટ સગવડો અને માહિતીની વિસ્તૃત માહિતી સભા સમક્ષ પ્રોજેક્ટરની મદદથી રજૂ કરી. વેબસાઈટની ઉપયોગીતા સંદર્ભે તેમણે ઉદાહરણ આપીને જણાવેલ કે મુંબઈનાં કોઈ રઘુવંશી પરિવારની દિકરીને દિલ્હીમાં કોઈ કંપનીમાં જોબ મળે તેવા સંજોગોમાં દિકરીનો પિતા ખૂબ જ ચિંતીત હોય કે દિલ્હીમાં દિકરીને કોઈ તકલીફ તો નહીં પડે ને ? ઘરનું શું ? જમવાનું શું ? તો તે પિતાની ચિંતા આ વેબસાઈટનાં માધ્યમદ્વારા હળવી થશે. આ વેબસાઈટમાં સમગ્ર વિશ્વનાં મહાજનોનાં હોદ્દેદારોની વિગતો ક્રમશઃ મૂકવામાં આવશે. શ્રી દિલ્હી લોહાણા મહાજનના પ્રમુખને ઈમેઈલ દ્વારા જાણ થાય તો દિલ્હીના જ્ઞાતિજનો મુંબઈના દિકરીના પિતાને બધીજ સગવડતા કરી આપવાની ખાત્રી આપીને મદદ માટે તૈયાર હોય. આ રીતે અલગ અલગ શહેર - ગામનાં જ્ઞાતિજનો વચ્ચે આ વેબસાઈટ એક સંપર્ક સેતુ બનશે અને રઘુવંશી પરિવારો ભલેને ગમે ત્યાં વસવાટ કરતા હોય પણ દુનિયાના કોઈપણ ખૂણે તેમને પરિચિત બનાવવામાં અને નજીક લાવવામાં વેબસાઈટ ચોકસપણે મદદરૂપ થશે તેમ તેમણે જણાવ્યું.

એજન્ડા મુજબ ૧૨ એવોર્ડસ્ પૈકીના ૪ એવોર્ડસ્ એનાયત કરવાની રજૂઆત મંત્રી શ્રી જીતેન્દ્રભાઈ ઠક્કરે કરેલ. તેમણે જણાવેલ કે ફિલ્મફેર એવોર્ડની જેમ નોમીનેશન પદ્ધતિ દ્વારા યોગ્યતા અને પાત્રતાને આધારે જે તે ક્ષેત્રની નિપુણતા માટે આ એવોર્ડસ્ આપવાની શરૂઆત કરવામાં આવેલ છે.

આંતરરાષ્ટ્રીય સ્તરનાં આવા એવોર્ડસ્ આપવાની માતૃસંસ્થાએ જે પહેલ કરી છે તેને વિશ્વભરનાં તમામરઘુવંશીઓનો ખૂબજ હકારાત્મક પ્રતિસાદ સાંપડ્યો છે.

**આ પ્રથમ ચાર એવોર્ડસ્‌ની વિગતો તથા તેના પ્રાપ્ત કર્તાઓની સિદ્ધીઓ નીચે મુજબ છે.**

***શ્રી લોહાણા મહાપરિષદ સ્થાપિત સ્વ. શ્રી વિજયભાઈ જમનાદાસ વડેરા (હ. વડેરા પરિવાર, ગોંદિયા)***

## શ્રેષ્ઠ રઘુવંશી યુવા પ્રતિભા એવોર્ડ - ૨૦૧૦-૨૦૧૧

વિશ્વભરમાંથી આવેલા નોમીનેશન્સની ચકાસણી કરતાં પસંદગી સમિતિએ એક નહીં પરંતુ બે યુવા પ્રતિભાઓને એવોર્ડ આપવાનું નક્કી કરેલ હતું. આ એવોર્ડનાં પ્રથમ વિજેતા કટક (ઓરીસ્સા) સ્થિત **શ્રી નિશાંત મોહનભાઈ મજીઠિયા**ને એનાયત કરવામાં આવેલ. આ નવયુવાનની સિદ્ધિઓ ધ્યાનાકર્ષક હતી.






શ્રેષ્ઠ રઘુવંશી યુવા પ્રતિભા એવોર્ડ એનાયત વિધિ

એક શ્રેષ્ઠ ક્રિકેટ કોમેન્ટ્રેટર, સ્ક્રીપ્ટ રાઈટર, અભિનય, દિગ્દર્શન, વોઈસ એન્કરીંગ વગેરે બાબતોમાં ખૂબ નાની ઉંમરે હથોટી ધરાવતાં શ્રી નિશાંત મજેઠિયાને શ્રેષ્ઠ રઘુવંશી યુવા પ્રતિભા એવોર્ડ ૨૦૧૦- ૨૦૧૧ માટે પસંદ કરવામાં આવેલ.

શ્રી નિશાંતને એવોર્ડ અપાયા બાદ પોતાના પ્રતિભાવમાં માતૃસંસ્થાનો હૃદયપૂર્વકનો આભાર માની નામાંકિત કોમેન્ટ્રેર જેવાકે સુનિલ ગાવાસ્કર, ટોની ગ્રેડ, રવિ શાસ્ત્રી વગેરેનાં અવાજમાં રનીંગ કોમેન્ટ્રી આપી સૌનાં દિલ જીતી લીધેલા.

આવો જ બીજો શ્રેષ્ઠ રઘુવંશી યુવા પ્રતિભા એવોર્ડ ૨૦૧૦- ૨૦૧૧નો યુ.કે. (લંડન)માં રહી સૌથી નાની વયે સમગ્ર યુ.કે. માં મેડિકલ કૉલેજમાં એડમીશન મેળવનાર તેમજ સમગ્ર યુ.કે.માં સૌથી નાની વયે ડૉક્ટરની ઉપાધિ મેળવનાર **કુ. હિનલ નલિનભાઈ રાયચુરા**ને ફાળે ગયેલ. કુ. હિનલ રાયચુરા તેમની મેડિકલ જવાબદારીઓનાં કારણે યુ.કે. થી રૂબરૂ હાજર રહી શકેલ નહીં હોવાથી તેમનાં પ્રતિનિધિ તરીકે માતૃસંસ્થાનાં નવનિયુક્ત યુ. કે. વિભાગનાં ઉપપ્રમુખ **શ્રીમતી પન્નાબેન રાજા**એ આ એવોર્ડનો સહર્ષ સ્વીકાર કરેલ.

'ઈન્ડીયન સુપર એચીવર'નોએવોર્ડ પણ પ્રાપ્ત કરી ડૉ. કુ. હિનલ રાયચુરાએ ભારત દેશનું તેમજ સમસ્ત રઘુવંશી સમાજનું મસ્તક ગર્વથી ઉંચુ થાય તેવી અનન્ય સિદ્ધિ પ્રાપ્ત કરવા બદલ એવોર્ડ પસંદગી સમિતિએ તેણીને આ એવોર્ડ માટે યોગ્યતાનું પ્રમાણપત્ર આપ્યું. યુકેની ન્યુઝ ચેનલ તથા અન્ય ટી.વી. ચેનલોએ પણ આ બાબતને વધાવી તેણીની આ સિદ્ધિને વિશિષ્ટ માન્યતા આપેલ.



શ્રેષ્ઠ રઘુવંશી યુવા પ્રતિભા એવોર્ડ એનાયત વિધિ

ઉલ્લેખનીય છે કે શ્રી લોહાણા મહાપરિષદે સ્થાપેલા ૧૨ એવોર્ડસ્ પૈકીનાં શ્રેષ્ઠ રઘુવંશી યુવા પ્રતિભા એવોર્ડની સ્થાપનાથી આ એક નવી જ પ્રથાની શરૂઆત કરવાનો સંપૂર્ણ જશ આ એવોર્ડનાં દાતાશ્રી વડેરા પરિવાર, ગોંદિયાને ફાળે જાય છે. આ બંને એવોર્ડસ્ બંને નવયુવાનોને ગોંદિયા સ્થિત વડેરા પરિવારનાં સ્વ. વિજયભાઈ જમનાદાસ વડેરાનાં ધર્મપત્ની સુશ્રી કલ્પનાબેન વિજયભાઈ વડેરા, તેમનાં સુપુત્રી ચિ. કુ. રુચિ વડેરા તથા સુપુત્ર શ્રી પ્રશાંત વડેરા તેમજ શ્રી અજયભાઈ જમનાદાસ વડેરા અને શ્રીમતી જાગૃતિબેન અજયભાઈ વડેરાનાં શુભહસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.

### *શ્રી લોહાણા મહાપરિષદ સ્થાપિત જ્ઞાતિ શ્રેષ્ઠી શ્રી જયંતિભાઈ ગોવિંદજી કુંડલીયા*

## *શ્રેષ્ઠ રઘુવંશી વરિષ્ઠ નાગરિક પ્રતિભા એવોર્ડ - ૨૦૧૦-૨૦૧૧*



શ્રેષ્ઠ રઘુવંશી નાગરિક પ્રતિભા એવોર્ડ એનાયત વિધિ

**શ્રી લોહાણા મહાપરિષદનાં પૂર્વ પ્રમુખ** તેમજ **ટ્રસ્ટી મા. શ્રી જયંતિભાઈ ગોવિંદજીભાઈ કુંડલિયા**નાં સહકારથી સ્થપાયેલ આ એવોર્ડ પણ પસંદગી સમિતિનાં નિર્ણય મુજબ ખૂબ જ પ્રવૃત્ત અને પંચોતેર વર્ષની વય વટાવ્યા છતાં યુવાન કહી શકાય તેવી બે વ્યક્તિ વિશેષશ્રીને ફાળે ગયેલ.

ગુજરાતી ભાષાનાં સાહિત્યકાર, પ્રખર ઈતિહાસકાર, પુરાતત્ત્વનાં અભ્યાસુ અને લેખક એવા પોરબંદરનાં **મા. ડો. શ્રી નરોત્તમભાઈ કાકુભાઈ પલાણને** તેમની ઈતિહાસ લેખનની વર્ષોથી ચાલતી પ્રવૃત્તિઓ માટે અને દરેકને આખી જીંદગી એક યુવાન તરીકે કામકરવાની પ્રેરણા આપવા માટે એનાયત કરવામાં આવેલ. ડૉ. શ્રી નરોત્તમભાઈની નાદુરસ્ત તબિયતનાં કારણે તેઓ ઉપસ્થિત નહીં રહી શકતાં તેમનાં વતી પોરબંદરથી ઉપસ્થિત રહેલ તમામહોદ્દેદારો તથા કારોબારીનાં સભ્યોએ આ એવોર્ડનો સહર્ષ સ્વીકાર કરેલો.

આ કેટેગરીનો બીજો એવોર્ડ ગોંદિયા નિવાસી **મા. શ્રી સુરેશભાઈ પુરુષોત્તમભાઈ પલાણ** કે જેઓ એક પ્રતિભાવંત જ્ઞાતિસેવક છે અને જેઓએ પોતાની કુમારાવસ્થાથી અત્યાર સુધી અનેકાનેક સામાજીક સંસ્થાઓ સાથે જોડાઈ સેવાનાં અદ્‌ભુત કાર્યો કરેલ છે તેવા જ્ઞાતિ શ્રેષ્ઠીનાં ફાળે ગયેલ.

આ એવોર્ડનાં દાતા મા. શ્રી જયંતિભાઈ કુંડલિયાની સંજોગોવશાત ગેરહાજરીમાં તેમનાં પ્રતિનિધિ તરીકે માતૃસંસ્થાનાં ટ્રસ્ટીઓ **ડો. શ્રી હર્ષદભાઈ ખખ્ખર** તથા **સુજ્ઞ શ્રી વીણાબેન પાંધી**નાં વરદ્‌હસ્તે આ બંને પ્રતિભાશાળી નાગરીકોને એવોર્ડસ એનાયત કરવામાં આવેલ.



શ્રેષ્ઠ રઘુવંશી નાગરિક પ્રતિભા એવોર્ડ એનાયત વિધિ




### શ્રી લોહાણા મહાપરિષદ સ્થાપિત
### સ્વ. શ્રી તલકશીભાઈ દલછારામકોટક ચેરીટેબલ ટ્રસ્ટ
### (હ. શ્રી પ્રવિણભાઈ કોટક તથા શ્રી જયેશભાઈ કોટક)

## શ્રેષ્ઠ રઘુવંશી વ્યાપારી પ્રતિભા એવોર્ડ ૨૦૧૦-૨૦૧૧

ભારતભરમાં 'ઈસ્કોન ગ્રુપ'નાં નામથી વિખ્યાત અને જે. પી. ઈન્ફ્રાસ્ટ્રકચર કાં.નાં સ્થાપક જ્ઞાતિશ્રેષ્ઠીઓ **શ્રી પ્રવિણભાઈ તલકશીભાઈ કોટક** તથા **શ્રી જયેશભાઈ તલકશીભાઈ કોટક**નાં સહકારથી આદરણીય જ્ઞાતિશ્રેષ્ઠી **સ્વ. શ્રી તલકશીભાઈ દલછારામ કોટક**ની સ્મૃતિમાં સ્થપાયેલ આ એવોર્ડે એક સકારાત્મક વાતાવરણ ઉભું કરેલ. નાગપુરનાં જ નવયુવાન અને અત્યંત પ્રતિભાશાળી ઉદ્યોગપતિ **શ્રી વિરેનભાઈ જયંતિલાલ ઠક્કર** કે જેઓએ હજારો માણસોનાં સ્ટાફ સાથે અદ્યતન વેરહાઉસીંગ તેમજ લોજીસ્ટીક પાર્કનાં વ્યાપારમાં ખૂબ ટૂંકા સમયમાં અભૂતપૂર્વ નામના મેળવી સમગ્ર મહારાષ્ટ્રમાં પોતાની એક આગવી ઓળખ ઉભી કરી છે. આ યુવાન ઉદ્યોગપતિને ભારત સરકારે પણ 'રાજીવ ગાંધી એવોર્ડ' પ્રદાન કરેલ છે. આ એવોર્ડનાં દાતાની ગેરહાજરીમાં તેમનાં પ્રતિનિધિ તરીકે શ્રી લોહાણા મહાપરિષદનાં યુવા પ્રમુખ શ્રી યોગેશભાઈ એસ. લાખાણી દ્વારા આ એવોર્ડ શ્રી વિરેનભાઈ ઠક્કરને તેમનાં ધર્મપત્ની શ્રીમતી ગીતાબેન ઠક્કરનાં સાંનિધ્યમાં એનાયત કરવામાં આવેલ.



શ્રેષ્ઠ રઘુવંશી વ્યાપારી પ્રતિભા એવોર્ડ એનાયત વિધિ

### શ્રી લોહાણા મહાપરિષદ સ્થાપિત સ્વ. શ્રી સુશીલાબેન હરીભાઈ ઠક્કર (હ. શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કર)

## શ્રેષ્ઠ રઘુવંશી સંશોધક પ્રતિભા એવોર્ડ ૨૦૧૦ - ૨૦૧૧



શ્રેષ્ઠ રઘુવંશી સંશોધક પ્રતિભા એવોર્ડ એનાયત વિધિ

ગુજરાત રાજ્યનાં યુવા શક્તિનાં પ્રતિક, ધર્મદેવ ઈન્ફ્રાસ્ટ્રકચરનાં એમ. ડી. તથા દેશનાં ઘરેણા સમી સાબરમતી રીવર ફ્રન્ટની અનેરી શોભા 'પતંગ રીવોલ્વીંગ રેસ્ટોરન્ટ'ને ફરીથી ધમધમતી કરવાનાં ખાસ જશભાગી **શ્રી ઉમંગભાઈ હરીભાઈ ઠક્કરે** તેમનાં પૂજ્ય માતુશ્રી **સ્વ. શ્રી સુશીલાબેન હરીભાઈ ઠક્કર**ની સ્મૃતિમાં આ એવોર્ડની સ્થાપના માટે સહકાર જાહેર કરેલ.

મૂળ બનાસકાંઠા જિલ્લાનાં ભાભર જેવા પછાત વિસ્તારમાં અભ્યાસ કરી અમદાવાદમાં ઈસરોનાં વૈજ્ઞાનિક તરીકે ફરજ બજાવતાં તાજેતરમાં જ નિવૃત્ત થયેલા **શ્રી પ્રભુદાસભાઈ સુંદરજી ઠક્કર**ને તેમણે કરેલા ભૂસ્તર ક્ષેત્રે, પુરાતત્ત્વ ક્ષેત્રે, નગર અને નદીઓનાં કરેલ સંશોધન તેમજ સેટેલાઈટનો ઉપયોગ પક્ષીઓની ગણતરી માટે કરી સમગ્ર વિશ્વમાં ખ્યાતિ મેળવતા એનાયત કરવામાં આવેલ. શ્રેષ્ઠ રઘુવંશી સંશોધક પ્રતિભા એવોર્ડ ૨૦૧૦ -૨૦૧૧ દાતાશ્રીની ગેરહાજરીમાં તેમનાં પ્રતિનિધિ અને માતૃસંસ્થાનાં વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી પરેશભાઈ પી. ભુપતાણી દ્વારા શ્રી પ્રભુદાસભાઈ સુંદરજી ઠક્કરને તેમનાં ધર્મપત્ની શ્રીમતી ગીતાબેન ઠક્કરનાં સાંનિધ્યમાં એનાયત કરવામાં આવેલ.

ઉપરોક્ત તમામ એવોર્ડસ વિજેતાઓને જેમ જેમ એવોર્ડસ અપાયા તેમ તેમ તેમની સિદ્ધિઓને પ્રોજેક્ટર - સ્ક્રીન ઉપર નીહાળી તમામ ઉપસ્થિત શ્રોતાગણે ઉભા થઈ સ્ટેન્ડીંગ ઓવેશન આપી તેમની આ સિદ્ધિઓને તાળીઓનાં ગડગડાટ સાથે વધાવેલ.

શ્રી લોહાણા મહાપરિષદ દ્વારા સ્થાપવામાં આવેલા આ એવોર્ડસ્ તેનાં પ્રાપ્તકર્તાઓની કાર્યશીલતા, લાયકાત અને પ્રતિભાની તો વિશ્વસ્તરે કાળજી લે જ છે તે ઉપરાંત આ તમામએવોર્ડસ ૨૪ કેરેટ ગોલ્ડ પ્લેટમાં બનાવી એનાયત કરવામાં આવ્યા છે તેની જાહેરાત જ્યારે મંત્રીશ્રીઓ દ્વારા કરવામાં આવી ત્યારે માતૃસંસ્થાની આ ઐતિહાસિક અને અભૂતપૂર્વ રઘુવંશી પ્રતિભા ખોજનાં અભિયાનને ઉપસ્થિત સૌએ હૃદયપૂર્વક આવકારી હરખભેર વધાવી લીધેલ.

આ દરમ્યાન ટેલિવિઝનના માધ્યમથી જાણવા મળેલ કે શ્રી લોહાણા મહાપરિષદના પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણીની બહુચર્ચિત ઈશરત જહા પોલિસ એન્કાઉન્ટર કેસમાં સુપ્રિમકોર્ટે માન્ય રાખેલ SIT (Special Investigation Team) ને અદાલતનાં મિત્ર (Amicus Curie) તરીકે માર્ગદર્શન આપવા ગુજરાત ઉચ્ચ ન્યાયાલયે નિમણૂંક કરેલ છે. આ સમાચાર વહેતાં થતાંજ શ્રી યોગેશભાઈ લાખાણીને સમગ્ર સભામાંથી શુભેચ્છા સાથે અભિનંદન પાઠવવામાં આવેલ. રઘુવંશી સમાજ અને શ્રી લોહાણા મહાપરિષદ માટે ખૂબજ ગૌરવશાળી ઘટનાના સૌએ સાક્ષી બનીને શુભકામનાઓ વ્યક્ત કરી.




એજન્ડા મુજબ કાર્યવાહી આગળ વધારતા મહાપરિષદના મંત્રી શ્રી જીતેન્દ્રભાઈ ઠક્કરે માહિતી આપેલી કે આગામી કારોબારી સભામાં ૧૨ પૈકીનાં ૪ એવોર્ડસ્ નીચે મુજબનાં રહેશે. ઉપસ્થિત સૌને તેની નોંધ લઈ વહેલી તકે આખાયે વિશ્વમાંથી નોમીનેશન્સ મોકલવા અપીલ કરેલી.

**૧શ્રેષ્ઠ રઘુવંશી બાળ / કિશોર પ્રતિભા એવોર્ડ (૧૮ વર્ષ સુધી)**
**૨શ્રેષ્ઠ રઘુવંશી કલા પ્રતિભા એવોર્ડ (કલા - સંગીત - નૃત્ય - ફોટોગ્રાફી વિગેરે)**
**૩શ્રેષ્ઠ રઘુવંશી વ્યાવસાયીક પ્રતિભા એવોર્ડ**
**૪શ્રેષ્ઠ રઘુવંશી ખેલ પ્રતિભા એવોર્ડ (રમતગમત / સાહસ)**

*(નોંધ : આ એવોર્ડસ્નાં નોમીનેશન માટેનાં નિયમો તથા માહિતી આ અંકના પાન નં. ૧૯ ઉપર સમાવિષ્ટ છે.)*

રાષ્ટ્રીય કક્ષાએ ટેબલટેનિસની યોજાયેલ સ્પર્ધામાં વિવિધ કેટેગરીમાં પ્રથમઅને દ્વિતીય વિજેતાઓના નામની યાદી **રમતગમત સમિતિના અધ્યક્ષ શ્રી પિયુષભાઈ મજેઠિયા** તથા વિદર્ભ સહ મધ્યભારત વિભાગનાં **રમતગમત સમિતિનાં ઉપાધ્યક્ષ શ્રી લલિતભાઈ જીવાણી**એ સંયુક્તપણે જાહેર કરેલ તે નીચે મુજબ છે.

| | | | |
|---|---|---|---|
| ૧૪ વર્ષથી નીચે (પુરુષ) | પ્રથમ વિજેતા | યશરાજ હાથી | (સૌરાષ્ટ્ર વિભાગ) |
| | દ્વિતીય વિજેતા | આદિત્ય રાયચુરા | (વિદર્ભ સહ મધ્યભારત વિભાગ) |
| ૧૪ વર્ષથી નીચે (સ્ત્રી) | પ્રથમ વિજેતા | વિધિ ઠક્કર | (ગુજરાત વિભાગ) |
| | દ્વિતીય વિજેતા | આનંદી કક્કડ | (સૌરાષ્ટ્ર વિભાગ) |
| ૧૪ થી ૪૦ વર્ષ (પુરુષ) | પ્રથમ વિજેતા | રોનક ગઢિયા | (ઉત્તર - પૂર્વ વિભાગ) |
| | દ્વિતીય વિજેતા | રાજ રાયચુરા | (સૌરાષ્ટ્ર વિભાગ) |
| ૧૪ થી ૪૦ વર્ષ (સ્ત્રી) | પ્રથમ વિજેતા | દેવશ્રી હાલાણી | (ગુજરાત વિભાગ) |
| | દ્વિતીય વિજેતા | વિધી મીરાણી | (વિદર્ભ સહ મધ્યભારત વિભાગ) |
| ૪૦ વર્ષ ઉપર (કોમન) | પ્રથમ વિજેતા | રવિન્દ્ર પારેખ | (ઉત્તર - પૂર્વ વિભાગ) |
| | દ્વિતીય વિજેતા | શશીકાંત ઠક્કર | (કચ્છ વિભાગ) |

ટેબલટેનિસના તમામસ્પર્ધકો - વિજેતાઓને શુભેચ્છા સહ અભિનંદનની વર્ષા સાથે મંચસ્થ મહાનુભાવોનાં વરદ્હસ્તે સુંદર શિલ્ડ આપીને નવાજવામાં આવ્યા.

ત્યારબાદ શ્રી લોહાણા મહાપરિષદનાં પૂર્વ પ્રમુખ તેમજ ટ્રસ્ટી **શ્રી રવિન્દ્રભાઈ વાઘાણી**એ પોતાના વકતવ્યમાં **'શ્રી રઘુકુળ વિશ્વ'** અંગે જાણકારી આપતાં જણાવેલ કે **'શ્રી રઘુકુળ વિશ્વ' મેગેઝીન**નો પાયો ૧૩ - ૧૪ વર્ષ પહેલા નાંખવામાં આવેલો. અત્યાર સુધી ભારતનાં વિવિધ મહાજનો દ્વારા ચલાવવામાં આવતી પ્રવૃત્તિઓનાં અહેવાલો સિવાય ખાસ કોઈ અન્ય માહિતી આપવાનું શકય નહોતું બન્યું. આખું સિંગલ કલરમાં સાદાઈથી છપાતાં આ ૪ પાનાનાં મેગેઝીને આજે ફોર કલરમાં છપાતાં ૩૨ પાનાનાં માહિતીનાં રસથાળ જેવા આંતરરાષ્ટ્રીય કક્ષાનાં મેગેઝીનનું સ્થાન લીધું છે. સુંદર મુદ્રણ, માહિતીની વણજાર, ઐતિહાસિક લેખો, સમાજ ઉપયોગી વાતો, બાળ / યુવા / બૌદ્ધિક વર્ગનાં લેખો, કવિતાઓનો સમાવેશ, દેશ - વિદેશનાં મહાજનો / સંસ્થાઓનાં સમાચાર, સમસ્ત રઘુવંશીઓનાં વિચારોને સ્થાન જેવી અનેક બાબતોએ 'શ્રી રઘુકુળ વિશ્વ' ને વૈશ્વિક સ્તરે મૂકી દીધું છે જેનો સમગ્ર શ્રેય યુવા પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણી અને તેમની ટીમને જાય છે. આજની મોંઘવારીમાં 'શ્રી રઘુકુળ વિશ્વ'નું આજીવન લવાજમ દેશમાં રૂા. ૧૦૦૦/- છે તેને વધારીને રૂા. ૩૦૦૦/- કરવા તથા પરદેશમાં રૂા. ૪૦૦૦/- આજીવન લવાજમ છે તેની જગ્યાએ રૂા. ૧૨,૦૦૦/- કરવા અંગે સભામાં રજૂઆત કરેલ અને તેના પ્રતિસાદરૂપે સમગ્ર સભાએ મંજૂરી આપતા હવેથી દેશમાં રૂ. ૧૦૦૦/- ને બદલે રૂા. ૩૦૦૦/- અને પરદેશમાં રૂા. ૪૦૦૦ /- ની જગ્યાએ રૂા. ૧૨૦૦૦ /- આજીવન લવાજમ કરવાનો સૈદ્ધાંતિક સ્વીકાર કરવામાં આવ્યો.




**શ્રી લોહાણા મહાપરિષદનાં પૂર્વ પ્રમુખ તથા ટ્રસ્ટી શ્રી રવિન્દ્રભાઈ વાઘાણી - તેમનાં મંતવ્યો રજૂ કરતાં સમયે**

ત્યારબાદ એજન્ડા મુજબ **ચર્ચાસભાના વિષય 'રઘુવંશી સમાજમાં રૂઢિગત વિચારોને તિલાંજલિ અને સુધારાવાદી વિચારધારાને આવકાર (લગ્ન તથા મૃત્યુ પ્રસંગે અનુસરાતી બિનજરૂરી વિધિ, ખર્ચ તથા ઔપચારિકતાનાં સંદર્ભમાં)'** ઉપર વિચાર - વિમર્શની શરૂઆત કરવામાં આવી.




ઉપરોક્ત વિષય ઉપર જુદા જુદા વકતાઓએ પોતાના વિચારોની ધારદાર રજૂઆતો કરેલ. જેમાં **શ્રી કૃષ્ણકાંતભાઈ પુજારા** એ લગ્નવિધિ પ્રોપર થવી જોઈએ, લગ્નખર્ચમાં કાપ મૂકવો, ભોજનમાં કાપ મૂકવો, દેખાદેખી અને આંધળું અનુકરણ ના કરવું તેવી રજૂઆત કરેલ. **શ્રી અરુણભાઈ સામાણી**એ નૈરોબી ખાતે મહાપરિષદના અધિવેશનનું આમંત્રણ પાઠવેલ. જ્ઞાતિનું માળખુ મજબૂત બનાવવા તેમજ આરોગ્ય અને શિક્ષણ સુવિધા માટે સમગ્ર વિશ્વમાં રઘુવંશીઓ સાથે પરામર્શ કરી જ્ઞાતિનો વિકાસ સાધવા ઉપર ભાર મૂકેલ. **લંડન**થી ખાસ પધારેલા **શ્રીમતી પન્નાબેન રાજા**એ જણાવેલ કે બહુ જ નાની ઉંમર થી હું યુકેમાં રહું છું. લોહાણાને જ પરણી છું.

મારી દીકરીઓનો જન્મલંડનમાં થયો છે છતાં ઘરમાં ગુજરાતી બોલે છે, ગાયત્રીમંત્રનું પઠન કરે છે. પણ "જેવો દેશ તેવો વેશ" ઉક્તિ પ્રમાણે કોમ્યુનિકેશન માટે અંગ્રેજી ભાષા ઉપર આધાર રાખવો પડે છે. દર વર્ષે એપ્રિલ / મે મહિનામાં લોહાણા કોમ્યુનિટીનાં ઈવેન્ટસ કરવામાં આવે છે અને આવા કાર્યક્રમોમાં લોહાણા જ્ઞાતિનાં દીકરા / દીકરીઓના વેવિશાળ થયાના પણ દાખલા મોજૂદ છે. ધાર્મિક પ્રસંગોની ઉજવણી પણ ભેગા મળીને કરીએ છીએ. લોહાણાઓની લંડનમાં ડાયનેમીક ઈમેજ છે. ૬૨૦૦ નામ/ સરનામાની જ્ઞાતિ ડિરેક્ટરી પણ તાજેતરમાં બહાર પાડી છે. વર્લ્ડ વાઈડ લોહાણા જ્ઞાતિ કેવી રીતે સ્ટ્રોન્ગેસ્ટ થઈ શકે તે માટે સહકાર આપવા અમો તત્પર છીએ. ભુવનેશ્વર સ્થિત જ્ઞાતિ શ્રેષ્ઠી **શ્રી મણિલાલ કાથરાણી**એ આ વિષય ઉપર પોતાનાં સુંદર વિચારો વ્યકત કરી રૂઢિગત વિચારોને તિલાંજલિ આપવા ઉપર ખૂબ ભાર મૂકેલ. તેઓશ્રીએ લગ્ન તથા મૃત્યુ પ્રસંગે થતાં બિનજરૂરી ખર્ચ અને ઔપચારિકતાઓ ઉપર પ્રહાર કરી સમગ્ર રઘુવંશી સમાજને સમય અને સંજોગાનુસાર પરિસ્થિતિને અનુકૂળ થવા અપીલ કરી. આ તબક્કે શ્રી લોહાણા મહાપરિષદની વિવિધ પ્રવૃત્તિઓને વેગવંતી બનાવવા માટે નવી વરાયેલી સમગ્ર ટીમને તેઓએ અભિનંદન આપ્યા હતા. માતૃસંસ્થા દ્વારા શરૂ થયેલ **વિવિધ પ્રતિભાખોજ અભિયાન**ને સબળ સમર્થન આપતાં તેમણે જણાવેલ કે જ્ઞાતિસેવા કરતાં વડીલો અને આગેવાનોનું સન્માન તો સમાજ વર્ષોથી કરતું જ આવ્યો છે પરંતુ વૈશ્વિક લેવલે પાંચ વર્ષથી માંડી ૮૫ વર્ષ સુધીનાં રઘુવંશીઓની બુદ્ધિ પ્રતિભા, વિશિષ્ટ પ્રતિભા તેમજ વિવિધ પ્રકારનાં કાર્યક્ષેત્રમાં તેમણે મેળવેલી સિદ્ધિઓને શોધી કાઢી માતૃસંસ્થાનાં પ્લેટફોર્મ ઉપર તેમને લાવીને સમાજ સમક્ષ રજૂ કરવાનું અને તેમને ખૂબ યોગ્ય રીતે બિરદાવી એવોર્ડથી નવાજવાનું પગલું અત્યંત પ્રશંસનીય છે. આ અભિયાન હજુ વધુ મજબૂતાઈથી આગળ વધે તે માટે તેમણે પોતાનાં **માતૃશ્રી સ્વ. શ્રી પાર્વતીબેન નરસિંહદાસ કાથરાણીની સ્મૃતિમાં શ્રેષ્ઠ રઘુવંશી વ્યાવસાયીક પ્રતિભા એવોર્ડનાં સ્પોન્સર તરીકે રૂા. ૫,૧૧,૦૦૦/- માતૃસંસ્થાને કાયમી ભંડોળમાં આપવા જાહેરાત કરી** અને હાજર સૌએ ઉભા થઈ તાળીઓથી વધાવી પોતાની ખુશી વ્યકત કરેલ અને માતૃસંસ્થાએ આદરણીય શ્રી મણિલાલભાઈ કાથરાણીની આ જાહેરાતનો સ્વીકાર કરી હૃદયપૂર્વકનાં અભિનંદન પાઠવેલ. શ્રી મણિલાલભાઈ કાથરાણીએ આ તબક્કે 'શ્રી રઘુકુળ વિશ્વ'નાં આજીવન લવાજમમાં કરવાનો સૂચિત વધારો વ્યાજબી હોવાનો મત  વ્યકત કરવાની સાથે જણાવેલ કે આવો વધારો થોડો ઓછો કરવામાં આવે તેવું તેમનું સૂચન છે. **શ્રી રઘુરામભાઈ ઠક્કરે** પણ લગ્ન ખર્ચમાં કાપ, વરઘોડા બંધ કરવાની જરૂર છે તથા જે પરિવારોમાં પ્રસંગ હોય તેવા પરિવારો સમાજની સંસ્થાઓમાં ખુશીભેટ નોંધાવી સહકાર આપી શકે છે તેવી રજૂઆત કરી. **શ્રી રમણભાઈ ઠક્કરે** જૂના જમાનાની સમાજ સુધારણાની રજૂઆત કરતાં જણાવેલ કે દસ તોલા સોનુ, પાંચ ટંક જમણવાર જેવા કુરિવાજો પીકેટીંગ તથા સભાઓ ભરી બંધ કરાવેલ. આવા કુરિવાજોથી આપણી જ્ઞાતિનો વિકાસ રૂંધાય છે.



ભુવનેશ્વરથી પધારેલ જ્ઞાતિશ્રેષ્ઠી શ્રી મણિલાલભાઈ કાથરાણી - કારોબારી સભાને માર્ગદર્શન આપતી વેળાએ



માતૃસંસ્થાનાં આફ્રિકા વિભાગનાં ઉપપ્રમુખ શ્રી અરુણભાઈ સામાણી તથા યુ. કે. વિભાગનાં ઉપપ્રમુખ શ્રીમતી પન્નાબેન રાજાએ રૂા. ૨૫,૦૦૦/- નો ચેક શ્રી નાગપુર લોહાણા મહાજનને સુપ્રત કર્યો તે પ્રસંગે



રાજકોટ મહાનગરપાલિકાનાં પ્રથમ રઘુવંશી મેયર શ્રી જનકભાઈ કોટકનું માતૃસંસ્થા દ્વારા વિશિષ્ટ સન્માન

**ભક્ત નવનીત મંગલે** લગ્નમાં થતા ખર્ચ એ અપેક્ષિત છે તેમ જણાવી કહ્યું કે દરેક પરિવાર પોતાના બાળકો બંધનથી બંધાતા હોય ત્યારે ખુશીના આ પ્રસંગે ખર્ચ નહીં કરે તો કયારે અને કયાં કરશે ? **સુશ્રી પ્રીતીબેન ઠક્કરે** સમૂહલગ્નના આયોજનો થવા જોઈએ તેની ઉપર ભાર મૂકી મૃત્યુ બાદ કરવામાં આવતા દસમા / બારમાની પ્રથા બંધ થવી જોઈએ તેવી રજૂઆત કરેલ. **શ્રી પ્રમોદભાઈ પટેલિયા**એ પોતાના પરિવારની વાત કરેલ કે મારી દીકરી ભણેલ ગણેલ કોલેજમાં લેકચરર છે તેના લગ્ન સમૂહલગ્નમાં કરાવીશ તેવી ઘોષણા કરી એક ક્રાંતિકારી વિચાર વહેતો મૂકયો.

આમ ચર્ચા સભામાં જ્ઞાતિશ્રેષ્ઠીઓએ સુંદર અને સમાજોપયોગી રજૂઆતો કરેલ. **આફ્રિકા વિભાગનાં ઉપપ્રમુખ શ્રી અરુણભાઈ સામાણી** તથા **યુકે વિભાગનાં ઉપપ્રમુખ શ્રીમતી પન્નાબેન રાજા**એ નાગપુર લોહાણા મહાજનને રૂા. ૨૫,૦૦૦/-નો ચેક આવા સુંદર કાર્યો માટે અર્પણ કરેલ. **શ્રી નાગપુર લોહાણા મહાજનનાં અગ્રણીઓ**એ સાથે મળીને એકી અવાજે આ રૂા. ૨૫,૦૦૦/- રૂપિયાનો ચેક **શ્રી લોહાણા મહાપરિષદ સંચાલિત શિક્ષણ સહાયની** પ્રવૃત્તિમાં આપવા જાહેરાત કરી ત્યાગની ભાવનાને ઉજાગર કરેલ.




તાજેતરમાં જ સૌરાષ્ટ્રની વિકાસશીલ એવી શ્રી રાજકોટ મહાનગર પાલિકાના મેયરપદે આરૂઢ થયેલા જ્ઞાતિશ્રેષ્ઠી તેમજ શ્રી લોહાણા મહાપરિષદનાં કારોબારી સભ્ય **મા. શ્રી જનકભાઈ કોટક**નું માતૃસંસ્થા દ્વારા વિશિષ્ટ સન્માન કરી તેઓને સભામધ્યે રાજકોટથી તેમની સાથે પધારેલા અન્ય જ્ઞાતિશ્રેષ્ઠીઓનાં સાનીધ્યે સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવ્યું હતું. શ્રી જનકભાઈ કોટક સમગ્ર સૌરાષ્ટ્રમાં 'જનકરાજા'નાં લાડીલા ઉપનામથી પ્રખ્યાત છે અને નાનામાં નાના માણસનાં આંસુ લૂછનાર એવા આ અદના સેવક રાજકીય ક્ષેત્રે ઘણી બધી સિદ્ધિઓ ધરાવે છે. સતત સાત વખત કોર્પોરેટર તરીકે ચૂંટાનાર, વિરોધ પક્ષનાં નેતા તેમજ મેયર પદ ધરાવતી એક માત્ર વ્યક્તિ, સમગ્ર ગુજરાતમાં પ્રથમરઘુવંશી મેયર તરીકેનું માન પામેલા આ રઘુવંશી જ્ઞાતિસેવકે તેમનાં સન્માનનાં પ્રતિભાવમાં માતૃસંસ્થા પ્રત્યે પોતાનો અહોભાવ વ્યકત કરી પોતે રઘુવંશી સમાજને અને માતૃસંસ્થાને સદાને માટે સમર્પિત રહેશે તેવી ભાવના અને લાગણી વ્યકત કરેલી. ઉપસ્થિત સૌ શ્રી જનકભાઈ કોટકની સાદગી અને નમ્રતાને મનોમન વંદી રહાં.




**માતૃસંસ્થાનાં યુવા પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણીનું કારોબારી સભા મધ્યે ઉદ્‌બોધન**

જેમને સાંભળવા સૌ આતુર હતા તેવા નવયુવાન પ્રમુખ **શ્રી યોગેશભાઈ લાખાણીએ** પોતાના વકતવ્યની શરૂઆતમાં શ્રી નાગપુર લોહાણા મહાજન, શ્રી રઘુવંશી યુવક મંડળ, નાગપુર તથા તમામ સંસ્થાઓ તેમજ વિદર્ભ સ્થિત જ્ઞાતિ શ્રેષ્ઠીઓ પ્રત્યે શ્રી લોહાણા મહાપરિષદ વતી અંતઃકરણપૂર્વકના આભારની લાગણી વ્યકત કરેલ. **મસ્કત (મીડલ ઈસ્ટ)** સ્થિત નવા વરાયેલ **ઉપપ્રમુખ શ્રી ચંદ્રકાન્તભાઈ ચોથાણી** દ્વારા મસ્કતમાં યોજાનાર જ્ઞાતિસંમેલનમાં હાજરી આપવા આપેલ નિમંત્રણ બદલ તેમનો હૃદયપૂર્વક આભાર માનેલ. તેઓએ પોતાનાં તમામસાથી હોદ્દેદારોને મીઠી ટકોર કરતાં જણાવેલ કે ગઈકાલે જ નાગપુરમાં મેરેથોન દોડ સંપન્ન થઈ. અગાઉ મુંબઈમાં પણ આવી દોડનું નજીકનાં ભૂતકાળમાં આયોજન થયેલ. માતૃસંસ્થાનાં તમામ હોદ્દેદારો પણ આવી જ મેરેથોન દોડમાં ભાગ લેતાં ખેલાડીઓની ભૂમિકા ભજવે છે.

કોઈ ઝડપથી દોડે, કોઈ ધીમું દોડે, કોઈ અવાજ કરતું દોડે કે કોઈ શાંતિથી દોડે; પણ દોડવું એ તમામહોદ્દેદારોની વ્યક્તિગત તેમજ સુંયકત જવાબદારી છે. બેઠાં રહીને કે સુષુપ્ત અવસ્થામાં મેરેથોન દોડનાં સ્પર્ધક ન બની શકાય તેવી સમજ કેળવવા અને વધુ સક્રિય બનવા તેમણે સહુને માર્મિક ટકોર કરેલી.

વિવિધ ક્ષેત્રની પ્રતિભાઓને શોધી તેમને જાહેરમાં સન્માનવા માટેની જરૂરીયાતનાં સંદર્ભે સ્વામિવિવેકાનંદનાં વાકયને તેમણે ટાંકયું, 'જે સમાજ પોતાની યોગ્ય વ્યક્તિઓનું સન્માન કરવામાં નિષ્ફળ જાય છે તે સમાજનું પતન થાય છે.' લોકમાન્ય તિલકે સમાજને વર્ષો પહેલાં આપેલ ઉપદેશને પણ તેમણે ટાંકી કહ્યું કે 'લોક કલ્યાણ અર્થે જીવન અર્પણ કર્યું હોય તેમનાં તરફ યોગ્ય સમયે સમાજ ભાવ ન બતાવે તો તે સમાજ ઓરિસ્સાનાં નવયુવાન કોમેન્ટ્રેટર અને શ્રેષ્ઠ રઘુવંશી યુવા પ્રતિભા એવોર્ડ પ્રાપ્તકર્તા શ્રી નિશાંત મજેઠિયાને યોગ્ય તક મળે તે માટે સમાજ શ્રેષ્ઠી અને સાંસદ **શ્રી પરિમલભાઈ નથવાણી**ને તેઓ વ્યક્તિગત વિનંતી અને ભલામણ કરશે તેવી ખાત્રી તેમણે મજેઠિયા પરિવારને આપેલ.

ટેબલટેનિસની સ્પર્ધાનાં અતિ સુંદર આયોજન બદલ માતૃસંસ્થાની રમતગમત સમિતિનાં અધ્યક્ષ શ્રી પિયુષભાઈ મજેઠિયા તથા આ સમિતિનાં સર્વે ઉપાધ્યક્ષશ્રીઓ અને ખાસ કરીને વિદર્ભ સહ મધ્યભારત વિભાગનાં ઉપાધ્યક્ષ શ્રી લલિતભાઈ જીવાણીને હાર્દિક અભિનંદન આપતાં શ્રી યોગેશભાઈએ જણાવેલ કે રઘુવંશી સમાજનાં તેજસ્વી ખેલાડીઓને યોગ્ય પ્લેટફોર્મ રાષ્ટ્રીય કક્ષાએ પુરું પાડવું તે આપણી ફરજ છે. સ્થાનિક મહાજન કક્ષાએ વખતોવખત આવી સ્પર્ધાઓ યોજી જિલ્લા, રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાએ આપણાં સમાજનાં બાળકો, યુવાનો જરૂરી કસોટીઓ પાર ઉતરતાં આગળ વધે તે સમયની માંગ છે. તેમણે દાખલો આપતાં જણાવેલ કે લોખંડનો ટુકડો ભંગારમાં વેચાય તો રૂા. ૧ મળે પણ ઘોડાની નાળ બનાવીને વેચાય તો રૂા. ૨૦ મળે અને તે જ ટુકડામાંથી પાતળી સોય બનાવીને વેચાય તો રૂા. ૧૦૦૦ મળે અને ઘડિયાળમાં વપરાતી ઝીણી ઝીણી કમાન બનાવી વેચવામાં આવે તો રૂા. ૫૦૦૦ મળે. સવાલ ઘડતરનો છે અને બાળકો / કિશોર / યુવાનોને ઘડીને, ટીપીને મજબૂત તેમજ પ્રગતિશીલ બનાવવાનું કામ સમાજનું છે.

વિવિધ પ્રકારની સ્પર્ધાઓ દ્વારા તેમનામાં રહેલ કૌશલ્ય અને પ્રતિભાને બહાર લાવવાનું કામસમાજનાં તમામસ્તરે રહેલી જ્ઞાતિ સંસ્થાઓ કરશે તો આ જ બાળકો / યુવાનો જ્ઞાતિનું નામરોશન કરશે એટલું જ નહીં પરંતુ એકતા અને સંગઠનનાં માધ્યમથી સમગ્ર સમાજની ઉન્નતિમાં તેઓ અગત્યનો ભાગ ભજવશે. આ તબક્કે રાષ્ટ્રીય યુવા સંમેલનનું સુંદર આયોજન ગોઠવવા બદલ પણ તેમણે માતૃસંસ્થાની યુવા સમિતિનાં અધ્યક્ષ શ્રી અજયભાઈ વડેરા અને તેમનાં સાથી તથા વિદર્ભ સહ મધ્યભારત વિભાગનાં ઉપાધ્યક્ષ શ્રી ચંદ્રકાન્તભાઈ પોપટને પણ હાર્દિક અભિનંદન આપેલા.

માતૃસંસ્થાની નવ રચિત વેબસાઈટ અને તેનાં ઉપયોગ બાબતે રજૂઆત કરતાં તેમણે જણાવેલ કે વેબસાઈટનાં માધ્યમથી સમગ્ર વિશ્વનાં રઘુવંશી પરિવારો એકબીજાની સાથે ચોક્કસ હેતુઓથી જોડાશે. માતૃસંસ્થાની તમામપ્રવૃત્તિઓની માહિતી તેમજ નાનામાં નાના લોહાણા મહાજનનાં હોદ્દેદારોની વિગતો વેબસાઈટ ઉપર ઉપલબ્ધ કરવાનો નિર્ધાર તેમણે જાહેર કર્યો અને આઈ. ટી. સમિતિને તે દિશામાં વહેલી તકે કાર્ય પૂર્ણ કરવાં સૂચન કર્યું.

'મહિલા સશક્તિકરણની કામગીરી ઉપર ભાર મૂકતાં તેમણે સ્ત્રી શક્તિ / માતૃશક્તિને બિરદાવતી પંક્તિ ટાંકીને કહ્યું;

***પરાર્થે તરે આંખમાં આસું જ્યારે, મળે મર્દે ને સ્ત્રીની ઉંચાઈ ત્યારે !***

આ સંદર્ભે વિદર્ભ સહ મધ્યભારતની જ **શ્રી લોહાણા મહિલા મંડળ, અમરાવતી**ની બ્હેનોએ વર્ષ દરમ્યાન કરેલી તમામપ્રવૃત્તિઓનો માહિતિસભર સચિત્ર અહેવાલ એક મોટા આલ્બમનાં માધ્યમથી માતૃસંસ્થાનાં મધ્યસ્થ કાર્યાલય ઉપર જે મોકલવામાં આવેલ તે હાજર સર્વેને બતાવી આ તમામ બ્હેનોની કામગીરીને જાહેરમાં બિરદાવેલ અને આ મહિલા મંડળનાં પ્રમુખ શ્રીમતી શીલાબેન પોપટ તેમજ હાજર તમામ બ્હેનોને સ્ટેજ ઉપર બોલાવી શુભેચ્છા સહ અભિનંદન પત્ર આલ્બમ સાથે સુપ્રત કરેલ. તેઓશ્રીએ ઉપસ્થિત સર્વે મહિલાઓને અને મહાજન અગ્રણીઓને આ પ્રકારની ઈચ્છાશક્તિ અને દૃઢ મનોબળ સાથે કાર્યો કરવાનું અને તે રીતે સમગ્ર મહિલા પાંખને સબળ બનાવવા અનુરોધ કરેલો.



શ્રી લોહાણા મહિલા મંડળ, અમરાવતીનાં હોદ્દેદારોને ખાસ શુભેચ્છા આપતી વેળાએ

શ્રી લોહાણા મહાપરિષદ આગામી **૨૬ ડિસેમ્બર, ૨૦૧૨નાં રોજ ૬૦ વર્ષ પૂર્ણ** કરવા તરફ ગતિ કરી રહી છે ત્યારે આ **સમગ્ર વર્ષ (ડિસેમ્બર ૨૦૧૧ - ડિસેમ્બર ૨૦૧૨) હિરક મહોત્સવ** તરીકે ઉજવવાનો તેમણે સંકલ્પ જાહેર કરી તેની **પૂર્ણાહૂતિ નિમિત્તે** સમગ્ર **વિશ્વનાં રઘુવંશીઓનું અધિવેશન** યોજવાની પણ સાથે સાથે ઘોષણા કરી. ઉલ્લેખનીય છે કે માતૃસંસ્થાનાં યુવા પ્રમુખે તા. ૪- ૭-૨૦૧૦નાં રોજ માતૃસંસ્થાનું સુકાન સંભાળતી વેળાએ જ આ સંકલ્પ જાહેર કરેલો અને તે નાગપુર મુકામે તેમણે અતિદૃઢતાપૂર્વક દોહરાવેલ. આફ્રિકા વિભાગનાં ઉપપ્રમુખ શ્રી અરુણભાઈ સામાણી તથા યુકે વિભાગનાં ઉપપ્રમુખ શ્રીમતી પન્નાબેન રાજાનો આ તબક્કે તેમણે સહયોગ માંગી જણાવ્યું કે સમગ્ર વિશ્વનાં રઘુવંશીઓ આ હિરક મહોત્સવની પૂર્ણતા ઉપર રઘુવંશી મહાસંમેલન / અધિવેશનમાં ભાગ લઈ અને તે રીતે સમગ્ર રઘુવંશી સમાજની એકતા અને સંગઠનની જ્યોત વધુ પ્રજ્વલિત કરે. પરદેશથી પધારેલ આ બંને મહાનુભાવોએ તેમનાં તમામ સહયોગ અને સહકારની યુવા પ્રમુખ તેમજ સભાને દિલથી ખાતરી આપી હતી.




યજમાન મહાજન, નાગપુરનું
શ્રી લોહાણા મહાપરિષદ તરફથી અભિવાદન

**માતૃસંસ્થાની સ્થાયી સમિતિઓ** તેમજ **પ્રોજેક્ટ ચેરમેન** અને **પ્રોજેક્ટ ચેરપર્સન**ને સૂચન કરતાં જણાવ્યું કે આપણી સ્થાયી સમિતિઓ જો સંપૂર્ણપણે પ્રવૃત થાય અને તેઓની વિવિધ પ્રવૃત્તિઓને લગતાં નાનાં - મોટાં પ્રોજેક્ટ બનાવી વહેતાં કરવામાં આવે તેમજ આવી પ્રવૃત્તિઓનું ફલક સૌ પ્રથમ સ્થાનિક સ્તરે અને ત્યારબાદ જિલ્લા, રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાએ વિસ્તારવામાં આવે તો ન ધાર્યું હોય તેવું પરિણામમળી શકે તેમછે. આ તબક્કે **થેલેસિમિયા સમિતિ**નાં **અધ્યક્ષ ડો. શ્રી રમેશભાઈ ભાયાણી** દ્વારા થતી થેલેસિમિયાને લગતી કામગીરીની પ્રશંસા કરેલી. તેમજ વાત્સલ્ય સમિતિનાં **અધ્યક્ષા સુશ્રી દુર્ગાબેન લાદીવાલા**એ તૈયાર કરેલ પ્રોજેકટનો ઉલ્લેખ કરી તે દિશામાં તમામ વિભાગોમાં કાર્યવાહી થાય તેવી ઉપસ્થિત સૌ હોદ્દેદારોને તેમણે અપીલ કરેલી.



યજમાન યુવક મંડળ, નાગપુરનું
શ્રી લોહાણા મહાપરિષદ તરફથી અભિવાદન




'શ્રી રઘુકુળ વિશ્વ' નાં વિકાસ અને વિસ્તારની વિસ્તૃત માહિતી આપતાં તેમણે જણાવેલ કે માતૃસંસ્થાનાં પૂર્વ પ્રમુખ તથા ટ્રસ્ટી શ્રી રવિન્દ્રભાઈ વાઘાણીએ દેશમાં તેમજ પરદેશમાં આજીવન લવાજમ વધારવા મૂકેલ સૂચનનો સભાએ ભલે સૈદ્ધાંતિક સ્વીકાર કર્યો હોય અને આવો વધારો એકદમ વ્યાજબી જણાતો હોય તો પણ વિવિધ પ્રતિનિધિઓને વિશ્વાસમાં લીધા બાદ જ આજીવન લવાજમમાં આવો સૂચિત વધારો પૂર્ણતઃ કે અંશતઃ કરવો તેનો નિર્ણય કરવામાં આવશે.

તેમણે એ વાતનો અતિ આનંદ વ્યકત કરેલ કે 'શ્રી રઘુકુળ વિશ્વ'નુ ંકલેવર બદલ્યા બાદ નવા આજીવન સભ્યો બનવા માટે માતૃસંસ્થાનાં મધ્યસ્થ કાર્યાલય ઉપર અભૂતપૂર્વ ધસારો નોંધાયેલ છે. પોરબંદરમાં તા. ૩-૧૦-૨૦૧૦નાં રોજ યોજાયેલ કારોબારી સભા બાદ અત્યાર સુધીમાં એટલે કે લગભગ ૪ મહિનાનાં સમયગાળામાં ૮૦૦ ઉપરાંત આજીવન સભ્યો નોંધાયા છે જે અતિ પ્રેરણાત્મક બાબત છે. નાગપુર લોહાણા મહાજનનાં ઉપપ્રમુખ શ્રી નરેન્દ્રભાઈ નાગ્રેચાએ વ્યકિતગત રસ લઈ 'શ્રી રઘુકુળ વિશ્વ'નાં ૧૧૧ ઉપરાંત સભ્યો બનાવ્યા છે અને તે માટે તેમણે **શ્રી નરેન્દ્રભાઈ નાગ્રેચા**ને વ્યક્તિગત જાહેર અભિનંદન પાઠવેલ. સ્ટેજ વ્યવસ્થા તેમજ સભા મંડપ વ્યવસ્થાની અદ્‌ભૂત કામગીરી માટે નાગપુર રઘુવંશી સમાજનાં પાયાનાં પત્થર અને શ્રી જલારામ મંદિર નાગપુરનાં પ્રમુખ **શ્રી નરેન્દ્રભાઈ દાવડા**ને પણ હાર્દિક અભિનંદન પાઠવ્યા.

અંતમાં તેમનું વકતવ્ય પૂર્ણ કરતાં પહેલાં તેમણે ઉપસ્થિત સર્વે મહાજન અગ્રણીઓ, સમાજ શ્રેષ્ઠીઓ તથા તમામ હોદ્દેદારોનું માતૃસંસ્થાનાં ઉદ્દેશો અનો ધ્યેયને લક્ષમાં રાખી સ્ફૂર્તિથી કાર્યો હાથ ધરવાની હાકલ કરેલ. સમાજલક્ષી કાર્યોમાં સૌએ એક વૃક્ષ જેવા બનવું જોઈએ તેમ કહી શ્રી ભગીરથ બ્રહ્મભટ્ટ લિખિત કાવ્ય પંક્તિ ટાંકી વૃક્ષનો તેમણે મહિમા કરેલો. તેમણે કહ્યું ;

*વૃક્ષ ઉભા ટટ્ટાર, ટાઢ તાપમાં ઓઘડ બાવો પલળે પારાવાર,*
*પવન પ્રેમનો જાદુ થઈને, મૂળમાં પહોંચી ગાય ;*
*ડાળે ડાળે ટહુકો કેવો, પાન ભરી છલકાય,*
*ઝંઝેડીને ઝૂડી નાંખો, પાડે નહીં પોકાર, વૃક્ષ ઉભા ટટ્ટાર !!*

પ્રમુખ સ્થાનેથી લેવાયેલી કાર્યવાહીમાં મુલુંડ સ્થિત શ્રી લોહાણા મહાપરિષદ સંચાલીત નિર્વાસીત અને મહિલા ઉદ્યોગ ટ્રસ્ટ (મુલુંડ) મુંબઈનાં ટ્રસ્ટી શ્રી શિવજીભાઈ ડુંગરશીભાઈ મજીઠીયાના થયેલા દુઃખદ અવસાન બાદ ખાલી પડેલી જગ્યા માટે માતૃસંસ્થાનાં યુવા પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણીના નામની વરણીનું સૂચન શ્રી પરેશભાઈ દ્વારા કરવામાં આવતાં ઉપસ્થિત સૌએ તે સૂચન વધાવી હકારાત્મક સૂર પુરાવેલ.

કાર્યક્રમનાં અંતિમચરણમાં નાગપુર ખાતે લગભગ ૩૫ વર્ષ બાદ યોજાયેલ માતૃસંસ્થાની આ કારોબારી સભાનું સુંદર આયોજન, આતિથ્ય સત્કાર અને સહયોગ માટે **શ્રી લોહાણા મહાજન, નાગપુરનાં પ્રમુખ શ્રી ભરતભાઈ ઠક્કર** તથા તેમની સંપૂર્ણ ટીમને તેમજ **શ્રી રઘુવંશી લોહાણા યુવક મંડળ, નાગપુરનાં પ્રમુખ શ્રી રાજેશભાઈ પોંદા** તથા તેની સમગ્ર ટીમને માતૃસંસ્થા તરફથી સ્મૃતિચિહ્ન આપી તેઓનું હૃદયપૂર્વક સન્માન કરવામાં આવ્યું.

શ્રી રઘુવંશી લોહાણા યુવક મંડળ, નાગપુરનાં પ્રમુખ શ્રી રાજેશભાઈ પોંદાએ આભાર પ્રવચન કરી સૌને યાદ કરી તમામનો હૃદયપૂર્વકનો આભાર માન્યો. સમગ્ર સભાનું સંચાલન ઉદ્‌ઘોષક તરીકે ડૉ. રાજેશભાઈ કોટેચાએ પોતાની આગવી શૈલીથી કરી સમગ્ર કાર્યક્રમને જીવંત રાખવામાં અગત્યનો ફાળો આપેલો અને તેમને માતૃસંસ્થાનાં સહમંત્રી (આઈ. ટી.) શ્રી જયભાઈ ઠક્કરે તાંત્રિક બાબતોમાં સહયોગ આપેલ.

કારોબારી સમિતિ પૂર્ણ થયે સુંદર ભોજન સૌએ સાથે બેસી માણ્યું અને ત્યારબાદ બપોરે ૩.૩૦ કલાકથી રાષ્ટ્રીય યુવા સંમેલન યોજાવાનું હોય સૌ કોઈ તેની વ્યવસ્થામાં લાગી ગયેલ.

બપોરે ૩.૩૦ વાગ્યાથી યુવા વર્ગને આકર્ષતુ રાષ્ટ્રીય યુવા સંમેલન શ્રી લોહાણા મહાપરિષદની **યુવા સમિતિના અધ્યક્ષ શ્રી અજયભાઈ વડેરા**ના રાહબરી હેઠળ મળેલ. આ પ્રસંગે શ્રી લોહાણા મહાપરિષદનાં પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણી સાથે શ્રી પરેશભાઈ ભુપતાણી (વરિષ્ઠ ઉપપ્રમુખ - મહાપરિષદ), શ્રી પ્રમોદભાઈ પટેલિયા (ઉપપ્રમુખ - વિદર્ભ સહ મધ્યભારત), શ્રી ભરતભાઈ દનાણી (ઉપપ્રમુખ - મુંબઈ - મહારાષ્ટ્ર - મહાપરિષદ), શ્રી જલેશભાઈ લાખાણી (ઉપપ્રમુખ - સૌરાષ્ટ્ર - મહાપરિષદ), શ્રી જયસુખભાઈ પોપટ (રાષ્ટ્રીય ઉપપ્રમુખ (સંગઠન), શ્રી ભરતભાઈ ઠક્કર (પ્રમુખ - શ્રી લોહાણા મહાજન, નાગપુર), શ્રી રાજેશભાઈ પોંદા (પ્રમુખ - શ્રી રઘુવંશી યુવક મંડળ, નાગપુર), શ્રી ચંદ્રકાન્તભાઈ પોપટ (ઉપપ્રમુખ - વિદર્ભ - મધ્યભારત - યુવા સમિતિ), ડૉ. વસંતભાઈ મજીઠીયા (ઉપપ્રમુખ - મુંબઈ - મહારાષ્ટ્ર - યુવા સમિતિ), શ્રી પ્રિતેશભાઈ ઠક્કર (ઉપપ્રમુખ - ગુજરાત - યુવા સમિતિ), શ્રી નિલેશભાઈ ગઢિયા (ખજાનચી - યુવા સમિતિ), શ્રી પ્રકાશભાઈ કાથરાણી, શ્રી નંદકિશોરભાઈ સોનછાત્રા, શ્રી અજયભાઈ લાખાણી, શ્રી અતુલભાઈ ચોટાઈ, શ્રી જયેશભાઈ ચંદારાણા, શ્રી જયેશભાઈ સંઘાણી વિગેરે મંચ ઉપર બિરાજમાન થયા હતા.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રી અજયભાઈ વડેરા દ્વારા યુવા સમિતિની કારોબારી સમિતિનાં સભ્યોની ઘોષણા કરેલ તથા હોદ્દેદારો તેમજ સભ્યોને માતૃસંસ્થાનાં પ્રમુખશ્રીનાં હસ્તે નિમણૂંક પત્રો આપી માતૃસંસ્થાનાં બટન પહેરાવવામાં આવેલ.




## યુવા સમિતિનાં પદાધિકારીઓની યાદી

| અનુ. | નામ | પદ | ગામ |
|---|---|---|---|
| ૧. | શ્રી અજયભાઈ વડેરા | અધ્યક્ષ | ગોંદિયા |
| ૨. | શ્રી ચંદ્રકાન્ત પોપટ | ઉપાધ્યક્ષ - વિદર્ભ સહ મધ્યભારત વિભાગ | અમરાવતી |
| ૩. | ડો. શ્રી વસંતભાઈ મજીઠીયા | ઉપાધ્યક્ષ - મુંબઈ સહ મહારાષ્ટ્ર વિભાગ | મુંબઈ |
| ૪. | શ્રી પ્રિતેશભાઈ ઠક્કર | ઉપાધ્યક્ષ - ગુજરાત વિભાગ | અમદાવાદ |
| ૫. | શ્રી ભરતભાઈ લાખાણી | ઉપાધ્યક્ષ - સૌરાષ્ટ્ર વિભાગ | પોરબંદર |
| ૬. | નિમણૂંક બાકી | ઉપાધ્યક્ષ - કચ્છ વિભાગ | - - |
| ૭. | શ્રી સચિનભાઈ કોટેચા | ઉપાધ્યક્ષ - દક્ષિણભારત વિભાગ | કોઈમ્બતુર |
| ૮. | શ્રીમતી મોનાબેન સતિષભાઈ ઠક્કર | ઉપાધ્યક્ષા - ઉત્તર - પૂર્વ વિભાગ | કોલક્તા |
| ૯. | શ્રી ચંદ્રેશભાઈ માધવાણી | માનદ્ મંત્રી | ગોંદિયા |
| ૧૦. | શ્રી નલિનભાઈ કાનાબાર | સંયુક્ત મંત્રી | નાગપુર |
| ૧૧. | શ્રી નિલેશભાઈ ગઢિયા | કોષાધ્યક્ષ | નાગપુર |
| ૧૨. | શ્રી પ્રકાશભાઈ કાથરાણી | સભ્ય | ગોંદિયા |
| ૧૩. | શ્રી નંદકિશોરભાઈ સોનછાત્રા | સભ્ય | ગોંદિયા |
| ૧૪. | શ્રી અજયભાઈ લાખાણી | સભ્ય | નાગપુર |
| ૧૫. | શ્રી અતુલભાઈ ચોટાઈ | સભ્ય | નાગપુર |
| ૧૬. | શ્રી જયેશભાઈ ચંદારાણી | સભ્ય | રાયપુર |
| ૧૭. | શ્રી જયેશભાઈ સંઘાણી | સભ્ય | ભંડારા |
| ૧૮. | શ્રી પ્રકાશભાઈ જસાણી | સભ્ય | ભિલાઈ |
| ૧૯. | શ્રી રાજેશભાઈ નથવાણી | સભ્ય | ભિલાઈ |
| ૨૦. | શ્રી મહેન્દ્રભાઈ ખંડેરીયા | સભ્ય | આકોલા |

આ યુવા સંમેલનમાં ચર્ચા તેમજ વિચાર વિમર્શ માટેનો વિષય હતો - **"રઘુવંશી સમાજનાં યુવા વર્ગની જીવનસાથી પસંદગી શું આપણા સમાજ પૂરતી જ સિમિત રહેવી જોઈએ ?"** આ વિષય ઉપર ચર્ચામાં ભાગ લેવા માટે દેશના વિભિન્ન સ્થળેથી આવેલ ૧૯ યુવક - યુવતીઓએ ભાગ લીધેલ. બધા વકતાઓએ પોતાના વિચાર સભામાં રજૂ કરેલ. આ વિષય ઉપર બોલતા નવયુવાનોમાં **સુશ્રી સેજલબેન સોતા (મુલુંડ)** એ જણાવેલ કે જીવનસાથી નિઃસ્વાર્થપણે સાથ આપનાર હોવો જોઈએ. જો આપણે ઘોડો ખરીદીએ તો તેની નસલ, કુળ જોતા હોઈએ તો આ તો જીવનસાથીની પસંદગીની વાત છે. કુળ, પરિવાર જોયા વગર કેવી રીતે પસંદ કરાય ? **સુશ્રી દીપાબેન ઠક્કર (મુલુંડ)** એ જણાવ્યું કે જીવનરૂપી વનમાં નક્કર સાથ આપે તે જીવનસાથી. સંબંધ ગાઢ અને સુદૃઢ હોય તો તૂટે નહીં અને લાંબો સમય ચાલે. લગ્નની ઉંમર થઈ હોય છતાં પસંદગીનું પાત્ર મળે નહીં ત્યારે સમસ્યા સર્જાય છે તેમજણાવેલ. **સુશ્રી ધારા બાવરીયા (મુલુંડ)** એ પહેલાના જમાનાની કહેવત 'દીકરીને ગાય દોરે ત્યાં જાય' ટાંકીને કહ્યું કે હવે જમાનો બદલાયો છે. કોન્ફીડન્સ વધ્યો છે, શિક્ષણ વધ્યું છે તે બાબતને અવગણી ન શકાય. **શ્રી ચેતનભાઈ કોટક (મુંબઈ)** એ પોતાના વિચારો અંગ્રેજી ભાષામાં રજૂ કરેલ. **શ્રી ચિરાગભાઈ કોટક (અમદાવાદ)**એ જ્ઞાતિની જ દીકરી સાથે લગ્ન કરવા હિતાવહ છે તેવી રજૂઆત કરતાં કહ્યું કે વડીલો દૂરંદેશીથી નિર્ણય કરતા અને બધી જ બાબતોને ધ્યાનમાં રાખતા તેથી ઝઘડા કે છૂટાછેડાનું પ્રમાણ નહીંવત રહેતું. **શ્રી ગોવિદભાઈ સોઢા (આકોલા)** એ રજૂઆત કરી કે પરિચય મેળા જરૂરી છે તેનાથી સફળતા મળે છે અને તેનો હું જીવંત સાક્ષી છું. ૩૧ કન્યાઓના સગપણ પરિચય મેળા દ્વારા થયા છે તેવું તેમણે પ્રત્યક્ષ અનુભવ્યું છે. રજૂઆતનાં અંતે તેમણે સુંદર પંક્તિઓ ટાંકી કહ્યું;

*'જ્યાં દિલ મળે છે ત્યાં દુનિયા નડે છે, જ્યાં પ્રિત મળે છે ત્યાં પોતાના નડે છે;*
*શું કહું ભગવાનને જ્યાં મરજી મળે છે, ત્યાં મજબૂરી નડે છે.'*

**શ્રી ભરતભાઈ નાગ્રેચા (નાગપુર)** એ જણાવેલ કે સંસ્કૃતિ મુજબ ગુણોના આધારે વર્ણવ્યવસ્થા ઋષિમુનિઓએ નક્કી કરેલી છે. વંશ ટકાવવા સમાજમાં જ લગ્ન કરવા જરૂરી છે. ડી જે મ્યુઝીક અલગ અલગ સાઉન્ડ ટ્રેકમાંથી મ્યુઝીક ઉત્પન્ન કરે છે પણ તેમાં મીઠાશ કેટલી, ઓરીજીનાલીટી કેટલી? કવિની અદાથી તેમણે કહ્યું;

*' હસ્તીને ગુમાવ્યા વિના તને હસ્તી નહીં મળે, મઝધારમાં ડૂબ્યા વિના તને કશ્તિ નહીં મળે'*

**શ્રી ધવલભાઈ ઉનડકટે** જણાવેલ કે પ્રથમ દેશ માટે વિચારો પછી સમાજ માટે વિચારો. જલારામબાપા વિશાળ દિલના હતા તેમણે કયારેય કોઈને પોતાના મંદિરે આવવાની કે પ્રસાદી આપવાની ના પાડી નથી તો આપણે શા માટે સંકુચિત વિચારો રાખી ફક્ત જ્ઞાતિ પરત્વે વિચારીએ છીએ ?





યુવા સંમેલનમાં યુવા વક્તાઓની છટાદાર રજૂઆત




**શ્રી પ્રતિકભાઈ રાજદેવ (અમદાવાદ)** એ પરજ્ઞાતિમાં લગ્ન ન જ કરવા જોઈએ. ભગવાને રઘુકુળમાં જન્મઆપ્યો છે તો શા માટે બીજા કુળની કન્યા લાવવી જોઈએ ? ઘર માટે ફર્નિચર ખરીદીએ છીએ તો પણ તેનો કલર, ગુણવત્તા, ડિઝાઈન જોઈને આપણી પસંદગીનું લાવીએ છીએ તો જીવનસાથીની પસંદગીમાં મા- બાપે પસંદ કરેલ જ્ઞાતિની દીકરી સાથે લગ્ન કરતાં હીચકીચાટ શેના માટે ? **શ્રી લલિતભાઈ જીવાણી (ગોંદીયા)** એ જણાવ્યું કે પરિવર્તન એ સંસારનો ક્રમછે. પરિવર્તનની સાથે ચાલશો તો સમાજે પણ પરિવર્તિત થવું પડશે. એ રજૂઆત કરી કે પોતે મરાઠી છોકરી સાથે લગ્ન કર્યા છે. ૧૫ વર્ષથી સંસાર ચાલે છે સુખી છું.

**શ્રી સુનિલભાઈ કારીયા (નાગપુર)** સમય બદલાયો છે. જીવનસાથી એટલે જીવનભર સાથ આપે તેવો સાથી. યોગ્યતાવાળું પાત્ર મળે તો ચોક્કસ સ્વીકાર કરવો જોઈએ.**શ્રી કિશોરભાઈ ઠક્કર (અમરાવતી)** એ રજૂઆત કરી કે સમાજ છે એટલે જ અહીંયા ભેગા થયા છીએ માટે સમાજની જ દિકરી સાથે પરણવું હિતાવહ છે. તેમણે કહ્યું;

***'ખુદા કભી કીસી કો જુદા ના કરે, ઔર કરે તો કયામત તક જુદા ના કરે.'***

**સુશ્રી પ્રીતીબેન ઠક્કર (અમદાવાદ)** એ પોતાની વિચારધારાને સમર્થન કરતાં જણાવ્યું કે નાનું બાળક ટીશર્ટ પણ પોતાની પસંદગીનું જ પહેરે છે, ત્યારે આનંદ થાય છે. મા- બાપને જ્યારે તે ૧૮ વર્ષનો થાય છે ત્યારે તે તેના પસંદગીના પાત્રને લઈને પરિવારમાં આવે છે ત્યારે પરિવાર સ્વીકારતો નથી આમ શા માટે ? **શ્રી ભરતભાઈ ખંધેડિયા (અમદાવાદ)** એ લોહાણા જ્ઞાતિનું ખમીર નથી બદલાયું તો પછી પરિવર્તનના નામે સમાજે શા માટે બદલાવું જોઈએ. **શ્રી હિતેશભાઈ કારીયા (પોરબંદર)** એ પસંદગી માત્ર જ્ઞાતિમાંથી જ થવી જોઈએ. તેવા વિચારોને સમર્થન આપ્યું. **શ્રી નિશાંત મજેઠિયા (કટક)** એ પાત્રની પસંદગી યોગ્ય હોવી જોઈએ અને બ્રોડ માઈન્ડ રાખીને પૂર્ણ ચર્ચા બાદ પસંદગી થવી જોઈએ તેવો વિચાર વહેતો મૂકયો. **શ્રી કીરીટભાઈ કાથરાણી** એ જણાવ્યું કે જીવનસાથીની પસંદગી જ્ઞાતિમાં જ થવી જોઈએ . યુવા સમિતિનાં અધ્યક્ષ **શ્રી અજયભાઈ વડેરા** એ પોતાના વકતવ્યમાં સર્વ પ્રથમશ્રી લોહાણા મહાપરિષદનાં પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણીનો પાતાની નિમણૂંક માટે આભાર માનેલ તથા યુવા સમિતિ યુવાનોને સંગઠીત બનાવી તથા સમાજનાં કાર્યો માટે પ્રેરિત કરી સમાજની ગતિવિધિઓમાં વધારે કાર્ય કરશે એની ખાત્રી આપેલ.



**માતૃસંસ્થાની યુવા સમિતિનાં અધ્યક્ષનું યુવાસંમેલનને ઉદ્‌બોધન**

કાર્યક્રમનાં અંતમાં શ્રી યોગેશભાઈ લાખાણીએ પોતાના વકતવ્યમાં આ સંમેલનને અત્યંત સફળ ગણાવેલ. યુવાનો માટે કશું જ અશક્ય નથી અને તેનું ઉદાહરણ આપતાં તેમણે કહ્યું કે દીકરીના પિતા દીકરી યુવાન થઈ હોવાથી ચિંતીત હતા. વાત વાતમાં દીકરીએ પિતાને કહ્યું, “પપ્પા મારી ચિંતા નાહક કરશો નહીં. મેં મારું પાત્ર શોધી નાંખ્યું છે” પિતાએ છોકરા વિશે પૃચ્છા કરી, “કોણ છે ? કેવો છે ? કેટલું ભણ્યો છે ? સંસ્કાર કેવા છે ? ખાનદાન કેવું છે?” દીકરી પપ્પાને છોકરાને મળવા લઈ જાય છે ત્યારે પિતાજી છોકરાને પ્રશ્ન કરે છે કે તું મારી દીકરીને પ્રેમકરે છે ? છોકરો; “હા પિતાજી” પિતા : તો તે અત્યાર સુધી તે મારી દીકરીને પત્રો લખ્યા હશે ને? ફોટા હશે તારી પાસે મારી દિકરીનાં ? છોકરાએ તરત જ પ્રેમપત્રોનો થપ્પો અને ફોટા પિતાજીને આપીને કહ્યું કે તમારી હા હશે તો જ હું પરણીશ, નહીંતર ભૂલી જઈશ. ત્યારે પિતાના મનમાં પ્રશ્ન થાય છે કે આનાથી મોટું આ છોકરાની હિંમત અને પ્રમાણિકતાનું પ્રમાણ શું હોઈ શકે ? અને તુરન્ત લગ્ન માટે હા પાડે છે. વાત આગળ વધારતાં તેમણે જણાવ્યું કે, સમાજમાં જ પૂર્ણ યોગ્યતાવાળું પાત્ર મળતું હોય તો સમાજમાંજ જીવનસાથીની પસંદગીનો આગ્રહ રાખો પણ કેટલાક સંજોગોમાં એક પાત્રને યોગ્ય બીજુ પાત્ર ના મળે ત્યારે જ બીજી જ્ઞાતિ તરફ નજર કરવી જોઈએ. આ તબક્કે તેમણે ઉપસ્થિત તમામયુવાનોને આગળ આવી સમાજની પ્રવૃત્તિઓમાં ભાગ લેવા અનુરોધ કરેલો. તેમણે જણાવ્યું કે યુવાશક્તિ જ આપણી સમાજ તથા દેશનું ભાવિ છે.

ચર્ચાસત્રનાં અંતમાં સભાએ સર્વાનુમતે ઠરાવ પસાર કરેલ કે, **'રઘુવંશી સમાજનાં યુવા વર્ગની જીવનસાથી પસંદગી બને ત્યાં સુધી આપણા સમાજ પૂરતી જ સિમિત રહેવી જોઈએ અને બીજો કોઈ પર્યાય ન હોય તો જ સમાજ બહાર રહેવી જોઈએ.'** આ ચર્ચા સત્રમાં શ્રેષ્ઠ વકતાઓ માટે ત્રણ ઈનામો રાખેલ હતા. **નિર્ણાયક તરીકે શ્રી જીતેન્દ્રભાઈ ઠક્કર (મંત્રી - મહાપરિષદ), ડો. શ્રી જયંતિભાઈ ચોટાઈ (નાગપુર)** તથા **શ્રીમતી વીણાબેન મજીઠીયા (મુંબઈ)** એ સેવાઓ આપી હતી. આ ચર્ચા સત્રનાં વિજેતા **શ્રી ભરતભાઈ નાગ્રેચા - નાગપુર (પ્રથમ), સુશ્રી દીપાબેન ઠક્કર - મુલુંડ (દ્વિતીય)** તથા **શ્રી ગોવિંદભાઈ સોઢા - આકોલા (તૃતીય)**ને પ્રમુખ શ્રી યોગેશભાઈ લાખાણી તથા વરિષ્ઠ ઉપપ્રમુખ શ્રી પરેશભાઈ ભુપતાણીનાં હસ્તે ટ્રોફી આપવામાં આવેલ.



**શ્રેષ્ઠ યુવા વક્તાઓને ટ્રોફી અર્પણ વેળાએ**

આ કાર્યક્રમમાં આશરે ૩૫૦ જેટલા યુવાનોએ ભાગ લીધેલ. આ કાર્યક્રમનું સફળ સંચાલન શ્રી ચંદ્રેશભાઈ માધવાણી (માનદ્‌મંત્રી - યુવા સમિતિ) તથા શ્રી નલીનભાઈ કાનાબાર (સંયુકત મંત્રી - યુવા સમિતિ) એ કરેલ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી પ્રકાશભાઈ કાથરાણી, શ્રી નરેન્દ્રભાઈ દાવડા, શ્રી કમલેશભાઈ વસાણી, શ્રી હરીશભાઈ સૂચક, શ્રી નલિનભાઈ કાનાબાર, શ્રી પ્રકાશભાઈ સૂચકે વિશેષ સહયોગ આપેલ. આભાર પ્રદર્શન શ્રી ચંદ્રેશભાઈ માધવાણીએ કરેલ. આ સાથે નાગપુરની પૂર્ણ મહેમાનગતિ માણી તમામકાર્યક્રમો સફળતાપૂર્વક પૂર્ણ કરી સૌ કારોબારી સભ્યશ્રીઓ તથા મહાજન અગ્રણીઓ પોતપોતાનાં માદરે વતન જવા રવાનાં થયાં.

**અહેવાલ સંકલન**
**હર્ષદરાય એચ. ઠક્કર**
**સહતંત્રી, 'શ્રી રઘુકુળ વિશ્વ'**